RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 300* Date: 28.08.2020 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અનામત મુદ્દે સુપ્રિમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# રાજ્ય અનામત માટે એસસી/એસટી સમુદાયમાં કેટેગરી બનાવી શકે

**એસસી/એસટી કોટામાં કેટેગરીના આધારે અનામતના ચુકાદા પર ફરીથી વિચારવાની જરૂર, કોર્ટે આ મામલો આગળ વિચાર માટે ૭ જજોની બેન્ચને મોકલ્યો**

*ન્યુ દિલ્હી,તા.૨૭*

ગુરુવારે સુપ્રીમ કોર્ટના બંધારણની પીઠે એક મહત્વપૂર્ણ નિર્ણય આપતાં કહ્યું છે કે રાજ્યો અનામત માટે એસસી/એસટી સમુદાયમાં કેટેગરી પણ બનાવી શકે છે. અદાલતે આ નિર્ણય એટલા માટે લીધો છે કે એસસી /એસટીમાં આવતી કેટલીક જ્ઞાતિઓને બાકીની જ્ઞાતિઓની તુલનાએ અનામત માટે વધુ પ્રાધાન્ય આપી શકાય. ૨૦04ની શરૂઆતમાં ઇ.વી. ચિન્નૈયા વિ. આંધ્રપ્રદેશ રાજયના કેસમાં સુપ્રીમ કોર્ટના બંધારણીય બેંચે ચુકાદો આપ્યો હતો કે કોઈ પણ વર્ગને મળેલા ક્વોટામાં બીજા ક્વોટાની મંજૂરી નથી, કોર્ટે આ મામલાને વધુ વિચારણા માટે લીધો છે. કોર્ટે આ મામલાને ૭ ન્યાયાધીશોની ખંડપીઠને મોકલી આપ્યો છે.

સર્વોચ્ચ અદાલતે બંધારણ પીઠને એસસી / એસટીની અંદર ક્રીમી લેયર પર પુનર્વિચારણા કરવા જણાવ્યું છે. કોર્ટે પોતાના આદેશમાં રાજ્યોને આવા જૂથોને ક્વોટાનો લાભ આપવા માટે સત્તા આપી છે, જે અનામતનો લાભ મેળવી શક્યા ન હતા.ગુરુવારે બેંચે કહ્યું કે, “આવા વર્ગીકરણ બંધારણની કલમ ૩૪૧ હેઠળ રાષ્ટ્રપતિના આદેશથી ચેડા નહીં કરે.” ન્યાયમૂર્તિ અરુણ મિશ્રાએ કહ્યું, ‘જો રાજ્યમાં



અનામત આપવાની શક્તિ છે, તો તે તેનો લાભ તે પેટા જાતિઓને આપી શકે છે, જેઓ પહેલા તેનો લાભ લેવામાં અસમર્થ હતા.’

ઈન્દિરા બેનર્જી, વિનીત સારન, એમઆર શાહ અને અનિરુધ બોઝની બનેલી બેંચે કહ્યું કે ૨૦04 ના ચુકાદામાં યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી અને રાજ્યો એસસી / એસટીમાં સબક્લાસ જ્ઞાતિઓ માટે કાયદો બનાવી શકે છે.

૫ ન્યાયાધીશોનો અભિપ્રાય એ છે કે ૨૦04 ના નિર્ણય પર પુનર્વિચારણા કરવાની જરૂર છે. બંને કેસોમાં બંધારણ બેંચના ન્યાયાધીશોની સંખ્યા જે આજે ચુકાદો આપે છે અને ઈ.વી. ચિન્નૈયા કેસમાં ૫ છે. તેથી આજે બંધારણીય બેંચે પોતાનો અભિપ્રાય આપ્યો છે કે, જૂના નિર્ણયમાં આપવામાં આવેલી સિસ્ટમ પર ફરીથી વિચાર કરવો જરૂરી છે. તેથી, એવું કહેવામાં આવ્યું છે કે આ મામલો મોટી બેંચ એટલે કે ૭ ન્યાયાધીશોની બેંચ સમક્ષ મોકલવામાં આવશે.

આ અપીલો પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના નિર્ણય બાદ દાખલ કરવામાં આવી હતી. આ નિર્ણયમાં, પંજાબ અનુસૂચિત જાતિ અને પછાત વર્ગ (સેવાઓમાં આરક્ષણ) અધિનિયમ, ૨૦0૬ ની કલમ ૪ (૫) રદ કરવામાં આવી હતી. આ અંતર્ગત સીધી ભરતીમાં અનુસૂચિત જાતિ માટેની અનામત ખાલી જગ્યાઓમાંથી ૫૦ ટકા જો વાલ્મીકી અને ધાર્મિક શીખને પ્રથમ પસંદગી તરીકે આપવાની જોગવાઈ હતી. આ જોગવાઈને ગેરબંધારણીય ગણાવીને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ઈ.વી. ચિન્નૈયા વિ. આંધ્રપ્રદેશ રાજ્ય (૨૦૦૫) ૧ એસસીસી ૩૯૪ પર આધાર રાખ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ હુકમમાં આર્ટિકલ ૩૪૧ (૧) હેઠળ, તમામ જાતિઓ સજાતીય જૂથોનો વર્ગ ધરાવે છે, અને તેમને આગળ વિભાજીત કરી શકાતી નથી. આ પછી, એવું પણ કહેવામાં આવ્યું કે બંધારણની સાતમી સૂચિની સૂચિ IIની એન્ટ્રી ૪૧ અથવા સૂચિ III ની સૂચિ ૨૫ ના સંદર્ભમાં આવો કોઈપણ કાયદો બંધારણની કલમ ૧૪ નું ઉલ્લંઘન કરશે.

### કુલ સંક્રમિતોનો આંકડો ૩૩ લાખને પાર, મૃત્યુઆંક ૬૦ હજારને પાર

# કોરોના બેકાબૂ: રેકોર્ડબ્રેક ૭૫ હજારથી વધુ પોઝિટિવ કેસ

*યુ દિલ્હી,તા.૨૭*

ભારત સહિત દુનિયાભરના ૧૮૦થી વધુ દેશોમાં કોરોનાવાયરસનો ભય દેખાઈ રહ્યો છે. આ સંક્રમણથી અત્યાર સુધીમાં ૨.૪૧ કરોડ લોકો ઝપટમાં આવી ગયા છે. આ વાયરસે ૮.૨૫ લાખથી વધુ સંક્રમિતોના લોકોના જીવ લીધા છે. ભારતમાં પણ દરરોજ COVID-19 ના કેસો સતત વધી રહ્યા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા ગુરુવારે સવારે રજૂ કરેલા આંકડા મુજબ દેશમાં કોરોના સંક્રમણની સંખ્યા વધીને ૩૩,૧૦,૨૩૪ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં (બુધવારે સવારે ૮ થી ગુરુવારે સવારે ૮ વાગ્યા સુધી) કોરોનાના ૭૫,૭૬૦ નવા કેસ સામે આવ્યા છે.

આ સમયગાળા દરમ્યાન દેશમાં ૧,૦૨૩ કોરોના ચેપગ્રસ્ત લોકો પણ મૃત્યુ પામ્યા છે. ૨૫,૨૩,૭૭૧ દર્દીઓ સાજા થયા છે અને ૬૦,૪૭૨ના લોકોના અત્યાર સુધીમાં મોત થયા છે. રિકવરી રેટ વિશે વાત કરીએ તો તેમાં થોડોક સુધારો આવ્યા બાદ ૭૬.૨૪ ટકા પર પહોંચી ગયો છે. પોઝિટિવિટી રેટ ૮.૧૯ ટકા છે. ૨૬ ઑગસ્ટના રોજ, ૯,૨૪,૯૯૮ કોરોનાના સેમ્પલ ટેસ્ટ કરાયા. અત્યાર સુધીમાં કુલ ૩,૮૫,૭૬,૫૧૦ સેમ્પલ ટેસ્ટ થઇ ચૂકયા છે. છેલ્લા ઘણા મહિનાઓથી દુનિયાભરમાં આતંક મચાવનાર કોરોનાવાયરસ અને તેનાથી ફેલાતી મહામારી એટલે કે COVID-19ના પહેલાં એક લાખ કેસની પુષ્ટિ ભારતમાં ૧૧૦ દિવસમાં સામે આી હતી, પરંતુ ત્યારબાદ રફતાર વધી ગઇ અને હવે દેશમાં એક લાખ માત્ર એક-બે દિવસમાં જોડાઇ રહ્યા છે. ભારતને ૩૩ લાખ કેસ પુષ્ટિ થયાના આંકડો પાર કરવામાં કુલ ૨૧૦ દિવસનો સમય લાગ્યો છેપ

આપને જણાવી દઇએ કે કોરોનાના પહેલાં એક લાખ કેસ ૧૧૦ દિવસમાં નોંધાયા હતા. ત્યારબાદ પછીના ૧૦૦ દિવસમાં વધીને ૩૩ લાખ થઈ ગઈ છે. દેશના લગભગ બધા રાજ્યોમાંથી કોરોનાના દર્દીઓ આવે છે. એવા ઘણા રાજ્યો છે જે આ રોગચાળાથી મુક્ત થયા હતા પરંતુ રાજ્યમાં સ્થળાંતર કરનારા લોકોના કારણે તેઓ ફરીથી સંક્રમણની જાળમાં આવી ગયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં ૨૬ ઓગસ્ટ સુધીમાં કુલ ૩,૮૫,૭૬,૫૧૦ કોરોના ટેસ્ટ હાથ ધરાયા છે. જેમાંથી ૯,૨૪,૯૯૮ સેમ્પલ ગઈ કાલે ટેસ્ટિંગ કરાયા હતાં. જેમાંથી ૭૫ હજારથી વધુ કેસ કોરોના પોઝિટિવ આવ્યાં.

# લદાખ સરહદ પર ૧૯૬૨ પછી સૌથી વધુ તણાવ: વિદેશમંત્રીનું નિવેદન



*ન્યુ દિલ્હી,તા.૨૭*

વિદેશ પ્રધાન એસ જયશંકરે પહેલીવાર ભારત-ચીન તનાવ અંગે બોલતાં સ્વીકાર્યું હતું કે લદ્દાખ સરહદ પર પરિસ્થિતિ ગંભીર હતી. ૧૯૬૨ પછી અને ખાસ તો છેલ્લાં ૪૫ વર્ષમાં પહેલીવાર આપણા જવાનો શહીદ થયા હતા. સ્થિતિ ધાર્યા કરતાં વધુ ગંભીર હતી.

તેમણે કહ્યું કે લાઇન ઑફ કન્ટ્રોલ પર બંને દેશના લશ્કરી જવાનો મોટી સંખ્યામાં હાજર હતા. તેમણે લદ્દાખ મોરચે ભારતના વલણને સ્પષ્ટ કરતાં કહ્યું કે સમાધાનની ફોર્મ્યુલા બંને પક્ષને સરખી રીતે લાગુ પડતી હોવી જોઇએ. ભારત એકપક્ષી સમાધાન નહીં સ્વીકારે.

તેમણે ઉમેર્યું કે છેલ્લા એક દાયકામાં ચીન સાથે ઘણીવાર સંઘર્ષ થયો હતો. ડેપસાંગ, ચૂમર અને ડોકલામ- આ ત્રણે સ્થળે સરહદી વિવાદ થતો રહ્યો હતો. હાલનો સંઘર્ષ એ તમામ સંઘર્ષો કરતાં જુદા પ્રકારનો છે. જો કે તમામ વિવાદોનો એક નિષ્કર્ષ હતો કે સમાધાન કૂટનીતિ દ્વારા થવું જોઇએ. લડાઇથી બંને પક્ષને વધતું ઓછું નુકસાન થવાનું જ હતું. જો કે આપણે કૂટનીતિ અને લશ્કરી પગલાં બંને રીતે ચીન સાથેના મામલાને હલ કરી રહ્યા છીએ.

ભારત-ચીન સંબંધ વિશે બોલતાં તેમણે કહ્યું કે આ બંને દેશો હાથ મિલાવીને કામ કરે તો આ આખી સદી એશિયાની હશે. જો કે હાલના અવરોધોએ એમ થતું અટકાવ્યું હતું.

આ બે પાડોશી વચ્ચે સુમેળ રહે એ સૌના હિતમાં છે. કેટલીક સમસ્યા બંને પક્ષે છે એ હકીકત હું સ્વીકારું છું. પરંતુ કોઇ પણ સંબંધમાં દ્વિપક્ષી સમજૂતી અને દીર્ઘસૂત્રતા (વીઝન ) જરૂરી બની રહે છે. આપણા તરફથી સંનિષ્ઠ પ્રયાસો થતા રહે છે.

અત્યાર અગાઉ ચીફ ઑફ ડિફેન્સ જનરલ બિપિન રાવત કહી ચૂક્યા હતા કે ચીન સાથેની આપણી વાટાઘાટો નિષ્ફળ જાય અને જરૂર પડે તો આપણે લશ્કરી પગલાં માટે પણ તૈયાર છીએ.

# મોનિટરી પોલિસી માટે વધુ પગલાં ભરવાની જરૂર: શક્તિકાંત દાસ

*ન્યુ દિલ્હી,તા.૨૭*

ભારતીય રિઝર્વ બેંક્રે વ્યાજદરોમાં ભવિષ્યમાં વધારે ઘટાડો થવાના સંકેત આપતા ગુરૂવારે કહ્યુ કે કોવિડ-૧૯ મહામારીથી અર્થવ્યવસ્થાને બચાવવા માટે ઉપાયોને જલ્દી હટાવવામાં આવશે નહીં.

RBIએ ૭ ઓગસ્ટે જારી નીતિગત સમીક્ષામાં રેપો રેટમાં કોઈ પરિવર્તન કર્યુ નથી. કેન્દ્રીય બેંક્ર આના પહેલા છેલ્લી બે બેઠકોમાં નીતિગત દરમાં ૧.૧૫ ટકાનો ઘટાડો કરી ચૂક્યુ છે. હાલ રેપો રેટ ચાર ટકા, રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા અને સીમાંત સ્થાયી સુવિધા દર ૪.૨૫ ટકા છે. તેમણે કહ્યુ કે મહામારી બાદ અર્થવ્યવસ્થાને મજબૂતીના માર્ગે લાવવા માટે સાવધાની સાથે આગળ વધવુ જોઈએ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૧૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૧૩૨૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૯૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૩૬૦૧**

### બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ રિપોર્ટ પ્રમાણે

# એમેઝોનના સીઈઓ જેફ બેઝોસની સંપત્તિ ૨૦૦ કરોડને ડોલરને પાર



*ન્યુ દિલ્હી,તા.૨૭*

એમેઝોનના ફાઉન્ડર અને સીઈઓ જેફ બેજોસની સંપત્તિ ૨૦૦ કરોડ ડોલરને પાર પહોંચી ગઈ છે. ભારતીય કરન્સીમાં તે લગભગ ૧૪૮૫૯.૩૦ અરબ રૂપિયા થાય છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ પ્રમાણે, એમેઝોનના શેર બુધવારે રેકોર્ડ હાઈ સપાટી પર પહોંચવાને કારણે બેઝોસની સંપત્તિમાં ઉછાળો આવ્યો હતો અને તે ૨૦૦ અરબ ડોલર સપંત્તિવાળા દુનિયાના પહેલાં વ્યક્તિ બની ગયા છે. આ વચ્ચે ટેસ્લા ઈંકના શેરોમાં ઉછાળો આવવાથી એલન મસ્કની સંપત્તિ ૧૦૧ ડોલર પહોંચી ગઈ છે. ફેસબૂકના માર્ક ઝુકરબર્ગ ઓગસ્ટ મહિનામાં જ ૧૦૦ અરબ ડોલરના ક્લબમાં સામેલ થઈ ચૂક્યા છે. બુધવારે માર્કની સંપત્તિમાં ૮.૫ અરબ ડોલરનો વધારો થયો હતો.

જણાવી દઈએ કે આ વર્ષે દુનિયાના ૫૦૦ સૌથી અમીર વ્યક્તિઓની સંપત્તિમાં ૮૦૯ અરબ ડોલરનો વધારો થયો છે. એકબાજુ કોરોના મહામારીને કારણે વિશ્વના તમામ દેશોની જીડીપીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, લાખો-કરોડો લોકોની રોજગારી છીનવાઈ ગઈ છે ત્યાં દુનિયાના આ ૫૦૦ સૌથી અમીરોની સંપત્તિમાં જાન્યુઆરીથી અત્યાર સુધી ૧૪ ટકા વધી છે. એલન મસ્કની સંપત્તિમાં ૭૩.૬ અરબ ડોલર વધી છે, તો બેઝોસની સંપત્તિમાં ૮૭.૧ અરબ ડોલર વધી છે.

અમેરિકાનાં અમીરો જ નહીં ભારતના મુકેશ અંબાણી પણ આ મહિને દુનિયાના ૫ સૌથી અમીરોની લિસ્ટમાં સામેલ થઈ ગયા છે અને આ લિસ્ટમાં સામેલ થનાર એશિયાના તે પ્રથમ વ્યક્તિ છે. આ વર્ષે તેઓની સંપત્તિમાં ૨૨.૫ અરબ ડોલર( ૧૬૭૧.૬૭ અરબ રૂપિયા) વધી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ફેસબૂક અને અન્ય કંપનીઓનાં રોકાણને કારણે અંબાણીની સંપત્તિમાં ધરખમ ઉછાળો થયો છે. હાલ આ સમયે મુકેશ અંબાણી દુનિયાના સાતમાં સૌથી અમીર વ્યક્તિ છે. અને તેઓની સંપત્તિ ૮૧.૧ અરબ ડોલર છે.

### ગ્લોબલ ટાઈમ્સનો રિપોર્ટ

# બોલો...ચીનના લોકો ત્યાંની સરકાર કરતાં મોદી સરકારથી વધુ ખુશ..!

*ન્યુ દિલ્હી/બીજિંગ,તા.૨૭*

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા માત્ર દેશ જ નહીં પરંતુ વિદેશમાં પણ વધતી જઈ રહી છે. ચીનમાં મોટી સંખ્યામાં લોકો તેમના મુરીદ છે.

લદ્દાખ હિંસાના ત્રણ મહિના બાદ ચીનના મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સ દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં આ વાત સામે આવી છે કે મોટા ભાગના ચીની પોતાના નેતાઓ કરતા વધારે ર મોદીની કાર્યપ્રણાલીથી ખુશ છે.

સર્વેક્ષણ અનુસાર લગભગ ૫૦ ટકા ચીની નાગરિક બીજિંગના અનુકૂળ પ્રભાવે રાખે છે જ્યારે ૫૦ ટકા લોકોએ ભારતની મોદી સરકારના વખાણ કર્યા છે. લગભગ ૭૦ ટકા માને છે કે ભારતમાં ચીન વિરોધી ભાવના ઘણી વધારે થઈ ગઈ છે. ૩૦ ટકાથી વધારે લોકોને લાગે છે કે બંને દેશોના સંબંધોમાં સુધાર થશે. સર્વેક્ષણમાં સામેલ ૯ ટકા લોકોનું માનવુ છે કે ભારત-ચીનના સંબંધોમાં સુધાર અલ્પાવધિ માટે હશે પરંતુ ૨૫ ટકા અનુસાર બંને દેશોના સંબંધ લાંબા સમય સુધી મજબૂત રહેશે. આ દરમિયાન ચીનની સૌથી મોટી ટેક કંપની હુઆવેઈ ભારતના તમામ પ્રમુખ દૈનિક સમાચાર પત્રોમાં મોટા-મોટા વિજ્ઞાપન પ્રકાશિત કરીને ભારતને લુભાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. Huawei દ્વારા એ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે ભારતની સાથે તેમનો સંબંધ ઘણો જૂનો છે. તે છેલ્લા ૨૦ વર્ષથી અહીં વેપાર કરી રહ્યા છે અને હંમેશા ભારતના હિત માટે પ્રતિબદ્ધ છે.

જોકે, લદ્દાખ હિંસા બાદથી ચીની કંપનીઓ ભારત સરકાની હિટલિસ્ટમાં છે. એક રિપોર્ટ અનુસાર ભારત હુઆવેઈ અને અન્ય ચીની કંપનીઓ ચરણબદ્ધ રીતે સંબંધ પૂરા કરવા ઈચ્છે છે. ઔપચારિક પ્રતિબંધ કરતા ભારતે કથિત રીતે દૂરસંચાર કંપનીઓને સ્પષ્ટ કરી દીધુ છે કે ચાઈનીઝ ગિયરથી દૂર રહે.

## તંત્રી સ્થાનેથી...

# દેશમાં સાચા અર્થમાં લોકશાહીઃ સબકા સાથ સબકા વિકાસ.... પરંતુ ક્યારે....?

ભારત ખેતી પ્રધાન મહાન લોકશાહી દેશ છે. જ્યાં લોકસભામાં ૫૪૫ અને રાજ્યસભામાં ૨૪૫ સાસદો બિરાજે છે. જ્યારે દેશભરનાં રાજ્યોમાં કુલ ૪૫૮૨ ધારાસભ્યો છે અને તેઓની પાછળ પગાર- ભથ્થા, સુરક્ષા, યાત્રા-પ્રવાસ, તેમની તથા તેમના પરિવારની મેડિકલ સારવાર, વીજળી, ટેલિફોન, પોસ્ટ, વિદેશ પ્રવાસે જવા આવવાનો ખર્ચ વગેરે સહિતનો ખર્ચ દર વર્ષે ૨૦ અરબ જેવો ખર્ચ થાય છે. અને તે તમામ ખર્ચ પ્રજાના કર બોજમાંથી થાય છે. સાસદોની સુરક્ષા પાછળ દર વર્ષે રૂપિયા ૧૩૪ કરોડ ખર્ચ થાય છે. ત્યારે ઝેડ શ્રેણીની સુરક્ષા માટે અલગ ૧૬ હજાર જવાનો છે... જેનો વાર્ષિક ખર્ચ રૂપિયા ૭૭૩ કરોડ થવા જાય છે.... મતલબ એ છે તે સત્તા પર બિરાજમાન આપણે ચૂંટેલા નેતાઓની પાછળ દર વર્ષે લગભગ ૨૦ અરબ ખર્ચ થાય છે. જોકે આ ખર્ચાઓમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ-તેમનો સ્ટાફ પૂર્વ નેતાઓના પેન્શન તથા પક્ષના નેતાઓનો ખર્ચ ઉમેરીએ તો એક અંદાજ અનુસાર ૧૦૦ આરબ થઈ જાય......!! ત્યારે સવાલ એ ઊઠે છે તે ભારત જેવા ખેતીપ્રધાન ગરીબ લોકશાહી દેશમાં આવો ખર્ચ કઈ રીતે યોગ્ય ગણાય.....? જ્યારે કે લોકોએ ચૂટેલા આ આપણા નેતાઓની સરકાર દૈનિક રૂપિયા ૩૦ થી ૩૨ હોય તેને ગરીબ ગણવામાં આવતા નથી. જ્યારે આપણે ચૂટેલા લખપતિ, લાખોપતિ કે કરોડપતિ ગરીબ સાસદો માટે સંસદ ભવન ખાતે નાસ્તા વિવિધ જમવાનું તેમના ખિસ્સાને પરવડી શકે તે માટે સસ્તા દરે ખાણીપીણી આપવામાં આવે છે જયાં વિવિધ ખાવા-પીવાની ચીજવસ્તુ ના ભાવ જોઈએ તો આંખો પહોળી થઈ જશે.... ત્યાં ચા માત્ર ૧ રૂપિયામાં, સૂપઃ૫-૫૦ પૈસા, દાળના રૂપિયા ૧-૫૦, ખાવાની ડીશઃ ૨-૦૦ રૂપિયા, રોટલી ૧-૦૦ રૂપિયો, ચિકનઃ ૨૪- ૫૦ પૈસા, બિરીયાની ૮-૦૦ રૂપિયા, જોકે બધી ચીજો લખીએ તો લાંબુ લિસ્ટ થાય પરંતુ અન્ય ખાવાપીવાના નાસ્તા પણ નજીવી કિંમતે મળે છે.

આ બધી ખાદ્યચીજો માસિક રૂપિયા ૮૦ હજાર પગાર મેળવતા આપણા ગરીબ સાંસદો માટે છે.... અને આપણા સાંસદો ધારાસભ્યો નેતાઓના પગાર-ભથ્થા સહિતના મળતા લાભોમાં કોઈ કર કપાત નથી... આપણા ચૂટેલાઓજ કહે છે કે દૈનિક રૂપિયા ૩૦ થી ૩૨ મેળવતા લોકો ગરીબ નથી.... ત્યારે કહેવું પડે કે વાહ રે... લોકો વડે ચૂટાયેલ-લોકોથી- લોકો માટેની લોકશાહી.....!? લોકશાહી દેશ ભારતમાં લોકોએ ચૂટેલા આ નેતાઓના પગાર-ભથ્થા સહિતની સવલતો બાબતે રાજકીય હસ્તીઓ મૌન ધારણ કરી લે છે.... પરંતુ તટસ્થ રાજકીય વિશ્લેષકો, શિક્ષિત વર્ગ અને જાગૃત નાગરિકો વચ્ચેની ચર્ચામાં કહે છે કે સંસદસભ્યો માટેની કેન્ટીન જેવી કેન્ટીનો દેશભરમાં નાના-મોટા ગામડાઓ અને શહેરોમાં સરકારે ઊભી કરી દેવી જોઈએ... જેથી સરકાર પરથી મોટો બોજ ઓછો થઈ જાય, લોકોને રેશન ન આપવું પડે, તો સરકારનું અન્ય આર્થિક ભારણ તદ્દન ઘટી જાય.....! રાજકારણ અને સેવાનું ક્ષેત્ર છે જેથી ચૂંટાયેલા તમામના પગાર-ભથ્થા તેમજ અન્ય લાભો બંધ કરી દેવા જોઈએ..... અને ત્યારે દેશમાં ×સબકા સાથ સબકા વિકાસ×ની સાચા અર્થમાં લોકશાહી કહેવાય. તેમજ સાહેબ કે સર કહેવાની પ્રથા પર પાબંધી લાદી લેવી જોઈએ જેથી દેશભરમાં ભાઈચારાની ભાવના ઉન્નતિના શિખરે પહોંચી જશે.... અને વડાપ્રધાન શ્રી મોદીજીએ દેશના લોકોને આપેલો મહામંત્ર ×આત્મનિર્ભર બનો× સાકાર થવામાં સમયનો બગાડ નહીં થાય..... પરંતુ સરકાર આ બાબતે નિર્ણય કરશે કે કેમ....?!

જોકે દેશના રાજકારણમાં ગુજરાત રાજ્યએ દેશના રાજકારણીઓ અને સમજદાર જાગૃત લોકોનું ધ્યાન ખેંચ્યું છે કારણ કે ભાજપા પ્રદેશ પ્રમુખ પદ પર નીવડેલા આર સી પાટીલની નિમણુંક કરવામાં આવી છે. અને પાટીલ ભાઉએ રાજ્યભરમાં પ્રવાસ કરવા સાથે મંત્રીઓને કાર્યકર તરીકે કમલમમાં બેસાડી દીધા છે.... તો પ્રથમ તબક્કે ૩૮ જેટલાને પક્ષમાંથી રવાના કરી દીધા છે જેથી ભાજપામાં ભારે હડકંપ મચી ગયો છે....! રાજ્યનું પાટનગર ગાંધીનગર સ્વર્ણિમ-એક કે બે છે કે પછી. કમલમ્ તેવો સવાલ આમ પ્રજામાં ઉઠવા પામ્યો છે.... તે સાથે મુખ્યમંત્રી રૂપાણીજીના આદેશોને કે સરકારના આદેશોને ઘોળીને પી જતા કે અસ્વીકાર કરતાં અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.... પરંતુ પાટીલ ભાઉએ આમ પ્રજા મળી શકે તે માટે મંત્રીઓ તથા તેને સંબંધિતોને રાજ્યભરના જે તે તમામ મથકોએ સરકારી દરબાર યોજવા જોઈએ જેથી આમ પ્રજાનો સીધો સંપર્ક થઈ શકે અને લોકોમાં કામ કરતી સરકારની અનુભૂતિ થાય.....! અને ત્યારેજ પાટીલ ભાઉ સફળતા કદમ ચૂમશે.....!?

વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૮-૮-૨૦૨૦, **શુક્રવાર**, ભાદરવા સુદ-૧૦
સૂર્યોદય-૬-૨૯, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૧૭,
આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ મૂળ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૩૦થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૩ સુધી ૧૨-૪૮થી શુભ-૧૪-૨૨ સુધી, ૧૭-૩૧થી ચલ-૧૯-૦૬ સુધી, ૨૧-૫૭ થી લાભ-૨૩-૨૨ સુધી

**- શુભ હોરા-**
૬-૩૦થી ૯-૩૯ સુધી, ૧૦-૪૨ થી ૧૧-૧૨ સુધી, ૧૩-૫૧ થી ૧૬-૫૯ સુધી, ૧૮-૦૩ થી ૧૯-૦૬ સુધી

# ભાજપના ચાલુ કોર્પોરેટરનું કારસ્તાન! એકની એક જમીન ૩ વાર વેચી અમેરિકા ભેગા થઈ ગયા !

ભાજપ સરકાર દ્વારા ભૂ માફિયાઓ ને બક્ષવામાં નહિ આવે તેવી જાહેરાત કરવામાં આવતા સબંધીઓ મૂછ માં મલકાઈ રહ્યા છે કારણ કે આવા કાંડ માં ભાજપ ના જ કેટલાક ઈસમો સામેલ હોવાની વાતો ચર્ચાઈ રહી છે.તેમાંય અમદાવાદ માં તો એક ચાલુ કોર્પોરેટરે એકજ જમીન ત્રણ વખત વેચી મારી વિદેશ ભેગા થઈ જતા ભારે ચકચાર ફેલાઈ છે.

જાણવા મળતી વિગતો મુજબ અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલ શાહવાડી ખાતે ના પ્લોટ નંબર ૫૩,ફાઈનલ પ્લોટ નંબર ૫૬૪,પૈકી ૫૪ વાર જમીન ૩૭૮૦૦ રૂપિયામાં વેચાણ કરાર કરીને સોમાભાઈ ખોડાભાઈ પરમાર ને વેચાણ આપી કબજો સોંપેલ હતો.જે વેચાણ કરાર તારીખ ૧૩/૦૫/૨૦૦૩ ના રોજ વેચાણ કરાર નોટરી રીટા બેન ગાંધીના ચોપડે નોંધાયેલ છે.ત્યારબાદ આ જ જમીન કે જેનો સમાવેશ રે.સ. નંબર ૫૬૪ ની હિસ્સા નંબર ૧ અને ૨ ની ૧૩૦૫૧ ચોરસ મીટર પૈકી અને શાહવાડી ટી.પી સ્કીમ નંબર ૯૪ ના ફાઈનલ પ્લોટ નંબર ૨૫ ની ૭૮૩૧ ચોરસ મીટર બિનખેતીની જમીન માં થયેલ હોય તે જ જમીન આ કોર્પોરેટર જયશ્રીબેન જાગરિયા અને તેમના પતિ અમરીશ જાગરિયા દ્વારા રાજયસ ફાઈન બિલ્ડ નામની ભાગીડદારી પેઢીને તારીખ ૨૭/૦૯/૨૦૧૦ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ થી રૂપિયા ૭ કરોડ ૭૫ લાખમાં વેચાણ કરી ને એક ની એક જમીન બીજી વાર વેચી હતી.

આમ ભાજપ ના ચાલુ કોર્પોરેટર અને તેના પતિ દ્વારા કાયદાની એસીતેસી કરીને એક ની એક જમીન ૨ વાર વેચવા છતાં સંતોષ ન થતા ફરી એક વખત તે જમીન નો ૩૦ ચોરસ મીટર નો ખુલ્લો પ્લોટ ૨૪/૦૭/૨૦૨૦ માં રજીસ્ટર્ડ કરાવીને કેશુભાઈ કાળુભાઇ પરમાર ને ૪ લાખ રૂપિયામાં વેચ્યો હતો,તથા ૩૫ ચોરસ મીટર નો બીજો ખુલ્લો પ્લોટ રજીસ્ટર્ડ વેચાણ કરાર થી નયનાબેન વિનોદભાઈ સોલંકી ને ૪ લાખ રૂપિયામાં વેચ્યો હતો.

આવી રીતે વારંવાર એક ની એક જમીન ઉપર વારંવાર વેચાણ કરતા કોર્પોરેટર જયશ્રીબેન જાગરિયા અને અમરીશભાઈ જાગરિયા હવે વિવાદ માં આવી ગયા છે.

આ કથિત કૌભાંડ ની જાણ રાષ્ટ્રીય નિર્માણસેના ના ગુજરાત પ્રદેશ પ્રમુખ અનિલ દાફડા ને ધ્યાને આવતા સ્થાનિક રહીશો જે ત્યાં રહે છે તેમની સાથે રહી ને આધાર પુરાવા શોધી ને વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવા ગયા હતા પરંતુ ભાજપના કોર્પોરેટર નું નામ હોવાથી પોલીસે માત્ર અરજી લઈ ને અરજદાર ને જણાવેલ કે અમો તપાસ કરી ને આગળ જણાશે તો ફરિયાદ દાખલ કરશું.પરંતુ ૪ દિવસ વીતી ગયા હોવા છતાં વાસણા પોલીસ દ્વારા હજુ કોઈજ કાર્યવાહી કરવામાં આવી નથી તેથી પોલીસ ની કામગીરી ઉપર પણ સવાલ ઉભા થઈ રહા છે.

સત્ય ડે ની ટીમ દ્વારા આ બાબતે વાસણા ના કોર્પોરેટર જયશ્રીબેન જાગરિયા અને તેમના પતિ અમરીશ જાગરિયા નો સંપર્ક કરતા જાણવા મળ્યુ હતું કે પતિ પત્ની બંને જણ હાલ અમેરિકા જતા રહ્યા છે.

નોંધનીય છે કે સરકાર દ્વારા તાજેતરમાં જજાહેરાત કરવામાં આવી હતી કે ભુમાફિયા જમીન કૌભાંડીઓ ને બક્ષવામાં નહી આવે તો હવે એ જોવાનું રહ્યું કે ભાજપ પોતાના જ પક્ષ ના કોર્પોરેટર ઉપર આ બાબતે આગળ શુ પગલાં ભરશે.

# યુવા સંગઠન બીલવાણિયાનો સંવેદનાયુક્ત નવતર અભિગમ



બાયડ તાલુકાના છેવાડિયા ગામના યુવાન સ્વ. જયેશભાઈ મેસરિયાની કારમી વિદાયથી પરિવાર ઉપર આવી પડેલ અણધાર્યા સંકટમાં મદદરૂપ થવાના હેતુથી બીલવાણિયા ગામના યુવા સંગઠન દ્વારા ૨૨૦૦૦/

(અંકે રૂપિયા બાવીસ હજાર પુરા) તેમના પરિવારના સભ્યોને આજ રોજ યુવા સંગઠનના સભ્યો, આ ઉપરાંત મોડાસિયા પરગણા બારગામ રોહિત સમાજ ધનસુરા અને મોડાસિયા પરગણાના રોહિત સમાજના પ્રમુખશ્રી તથા સમાજના આગેવાનોએ રૂબરૂ મુલાકાત લઈને KVP ફિક્સ ડિપોઝિટનું સર્ટિફિકેટ અર્પણ કર્યું હતું.

ભીમ સેના યુવા મંડળ બીલવાણિયાએ મૃતકના બંને બાળકોને ધોરણ બાર સુધીના ભણતરનો ખર્ચ આપવાની જાહેરાત કરી હતી. બંને પ્રમુખશ્રી તથા સમાજના આગેવાનોએ યુવા સંગઠન ને ધન્યવાદ પાઠવી મૃતકના આત્માને ઈશ્વર સદગતિ આપે એવી પ્રાર્થના સહ શોકાંજલિ અર્પી હતી.

# નાગેશ્રી પો.સ્ટે.ના ટીંબી ગામે જુગારનો ગણનાપાત્ર (ક્વોલીટી) કેશ શોધી કાઢતી નાગેશ્રી પોલીસ

અમરેલી પોલીસ અધિક્ષક શ્રી નિર્લિપ્ત રાય સાહેબ નાઓએ જીલ્લામાંથી જુગારની બદીને સદંત્તર દુર કરવા જુગાર અંગેની ખાસ ઝુંબેશ રાખેલ હોય, અને જુગાર રમતા ઈસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઈડો કરવા જરૂરી સુચનાં આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક શ્રી કે.જે.ચૌધરી સાહેબ સાવરકુંડલા ડીવીઝન તથા સી.પી.આઈ. રાજુલા શ્રી જી જે રાવત સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ, નાગેશ્રી પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ બી.જી.વાળા સાહેબ તથા અનાર્મ હેડ કોન્?સ. એ.એ.ચૌહાણ તથા અના.લોક રક્ષક રવિરાજ એચ.મોડાસીયા તથા આ.લોક રક્ષક દીલુભાઈ એચ.ચાવડા અના.લોક રક્ષક પ્રકાશભાઈ એસ.ઘેલાણી તથા આર્મ પો. કો. મુકેશભાઈ ચૌહાણ એ રીતેના જુગાર તથા પ્રોહીબીશન ડ્રાઈવ સબબ પેટ્રોલીગમા હતા અને ટીંબી ગામે ભાડા ચોકડી પાસે પહોચતા પો.સબ.ઈન્સ.બી.જી.વાળા સા.ને બાતમી રાહે હકીકત મળેલ કે ટીંબી ગામે કબ્રસ્તાની બાજુમા જાહેરમા પૈસા પાનાથી હારજીતનો જુગાર રમાય છે જેથી ત્યાં રેડ કરતાં જુગાર રમતા સાત ઈસમો ને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

રેઈડ દરમ્યાન પકડાયેલ ઈસમો

(૧) ગંભીરસિંહ હનુભાઈ ગોહીલ ઉ.વ.૩૦ રહે.ટીંબી તા.જાફરાબાદ (૨) તોહીતભાઈ ખોડભાઈ ગોહીલ ઉ.વ.૧૯ રહે.ટીંબી તા.જાફરાબાદ (૩) જીતુભાઈ ભગવાનભાઈ વઢવાણા ઉ.વ.૩૦ રહે.ટીંબી તા.જાફરાબાદ(૪) પ્રતાપસિંહ અમરભાઈ ગોહીલ ઉ.વ.૩૨ રહે.ટીંબી તા.જાફરાબાદ (૫) પ્રવિણભાઈ ખોડભાઈ વેગડ ઉ.વ.૧૯ રહે.ટીબી તા.જાફરાબાદ (૬) દાનીસ હારૂનભાઈ મજેઠીયા ઉ.વ.૧૯ રહે.ટીબી તા.જાફરાબાદ (૭) કીરીટભાઈ રણુભાઈ ગોહીલ ઉ.વ.૩૦ રહે.ટીબી તા.જાફરાબાદ વાળાઓ ને રોકડ રૂ.૧૦૮૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ કિ.રૂ.૧૦૮૦૦/- જુગાર લગત સાહીત્ય સાથે પકડી તેમજ તમામને નાગેશ્રી પોલીસ સ્ટેશન લાવી કાયદેસરની કાર્યવાહી કરી નાગેશ્રી પો.સ્ટે. જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો રજી. કરાવેલ છે.

આ કામગીરી નાગેશ્રી પો.સ્ટે.ના પો.સબ ઈન્સ બી. જી.વાળા તથા અનાર્મ હેડ કોન્?સ એ.એ.ચૌહાણ તથા આ.લોક રક્ષક દીલુભાઈ ચાવડા તથા અના.લોક રક્ષક રવિરાજ મોડાસીયા તથા અના.લોક રક્ષક પ્રકાશભાઈ ઘેલાણી તથા આર્મ પો. કો.મુકેશભાઈ ચૌહાણ સામેલ હતા..

રિપોર્ટર..... ભરતભાઈ ખુમાણ અમરેલી.

## પરિવારમાં સીંચેલા સારા સંસ્કારનું ઉત્તમ ઉદાહરણ

# મેઘરજના સ્વર્ગસ્થ પીઢ પત્રકાર દિલીપભાઈ સોનીના પરિવારે પૂરું પાડયુ છે


મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

જન્મ અને મરણ એ કુદરતી ક્રમ હોય છે દરેક મનુષ અને જીવ જેમનો જન્મ થયો હોય તેનું મૃત્યુ નિશ્ચિત હોય છે અને તે પણ કુદરત ના હાથ માં પણ પોતાના સત કર્મો થી દરેક વ્યક્તિ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી અને મૃત્યુ બાદ તેને ઓળખવામાં આવે છે ત્યારે આવોજ એક કિસ્સો મેઘરજ ના પીઢ પત્રકાર દિલીપભાઈ સોની ગુજરાત સમાચાર માં ૪૫ વર્ષથી પત્રકારીત્વ કરતા હતા અને તેમને કેટલાય ગરીબો આદિવાસી ઓ અને અભણ પરિવારો માટે એક પત્રકારત્વ ના માધ્યમ થી અનેક સરકારી યોજનાઓ નો લાભ આપાવ્યો હતો તેમજ ખુબજ સાદગી થી પોતાનું જીવન વિતાવ્યું અને અંતિમ શ્વાસ સુધી પત્રકારત્વ કરતા ત્યારે બાળકો પણ તેમને ના પાડતા હતા કે હવે મુકો એક તરફ અને આરામ કરો છતાં તેમને છેલ્લે છેલ્લે પણ મીડિયા ના બે મિત્રો ને દોસ્ત તું મને તારા હાથે પાણી તો પીવડાવે તો ખૂબ સારું તેમ કહી તેમની યાદો અને તેમને સંચય કરેલા સંસ્કારો આજે તેમના બાળકો એ એક ઉત્તમ ઉદાહર રૂપ પૂરું પડ્યુ હતું.

કોઈપણ વ્યક્તિનું નિધન થાય તો પરિવારજનો તેમની યાદસ્વરૂપે જુદા જુદા પ્રકારની ભેટ પુસ્તકો કે બિસકીટ .ચોકલેટ આપાતા હોય છે પણ મેઘરજના પીઢ પત્રકાર સ્વર્ગસ્થ દિલીપભાઈ સોનીનું થોડાક સમય પહેલા દેહાંત થયુ હતુ એમના પરિવારે મળવા આવતા શુભેચ્છકો મિત્રો સગા સબંધીઓને ધાર્મિક પુસ્તકની સાથે સાથે માસક નું પણ વિતરણ કર્યું .આવા ઉમદા વિચાર પાછળનો હેતુ એટલો હતો કે આવનાર કોઇ પણ વ્યક્તિ કોરોના જેવી મહામારી માં સંક્રમિત ન થાય અને રોગનો ભોગ ના બને તે માટે ઉમદા વિચાર કર્યો છે જે વર્તમાન સંજોગોમાં પરિવારનો આ વિચાર સમાજ માટે ખૂબ જ પ્રેરણારૂપ અને આવકાર દાયક બની રહ્યો છે પત્રકાર સંઘ દ્વારા તેમના પરિવાર ને શોક સંદેશો આપી તેમને પડખે ઉભો રહેવા માટે નો દિલાસો આપતો પત્ર આપ્યો હતો

## દ્રશ્યો CCTV માં કેદ

# મોડાસાના શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં આવેલી યમુના મેચીગ સેન્ટર નામની દુકાનમાં આખલો ઘુસતા અફરાતફરી




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

આપણે ત્યાં રસ્તાની વચ્ચે અચાનક ગાય આવી ચડે,આખલા યુદ્ધ થાય આ બધું સામાન્ય છે અને મોડાસાના નગરજનોએ પણ વર્ષોથી રસ્તા પર રખડતા પશુઓના રંજાડને સહજભાવે સ્વીકારી પણ ચુક્યા છે શહેરમાં રઝળતા પશુઓ અને આખલાઓનો ત્રાસ દિવસે ને દિવસે વધતો જાય છે ત્યારે મોડાસા શહેરના જાણીતા શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં આવેલ યમુના મેચીગ સેન્ટર નામની દુકાનમાં મહિલા ગ્રાહકો ખરીદી કરવામાં મશગુલ હતી ત્યારે આખલો દુકાનમાં ધસી આવતા અફરાતફરી મચી હતી દુકાન માલિકે હિંમતભેર આખલાનો સામનો કરી દુકાનમાં જાનહાની થાય તે પહેલા ભગાડી મુકતા દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ થયો હતો

સોમવારે સાંજના સુમારે શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં આવેલી યમુના મેચીંગ સેન્ટરમાં મહિલા ગ્રાહકો ખરીદી કરી રહી હતી અને અન્ય એક મહિલા ખરીદી કરવા દુકાનમાં પ્રવેશી રહી હતી ત્યારે પાછળ થી એક ખૂંટિયા દુકાનની અંદર ઘુસી આવતા મહિલાઓ આખલાને જોઈ બુમાબુમ કરી મૂકી જીવ બચાવવા એકબીજા પર પડ્યા હતા આખલો જોઈ દુકાનદારે ભારે હિંમતભર આખલો કોઈ જાનહાની સર્જે તે પહેલા આખલા સામે બાથ ભીડી આખલાના શીંગડા પકડી દુકાનમાંથી બહાર તગેડી મુકતા મહીલા ગ્રાહકોએ હાશકારો અનુભવ્યો હતો સમગ્ર દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો.

# રાજ્યમાં વરસાદનું જોર પડ્યું ધીમું: ૧૧૧ તાલુકામાં ૨ ઈંચ સુધી વરસ્યો

ગાંધીનગર,તા.૨૭

રાજ્યમાં છેલ્લા ૩ દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. ગુજરાત તરફની વરસાદી સિસ્ટમ ફંટાઈ જતા રાજ્યમાં છૂટોછવાયો વરસાદ થયો છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી અનુસાર રાજ્યમાં ૧૧૧ તાલુકામાં ૧ મિમિથી ૨ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં ૪૭ મિમિ એટલે કે ૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં સંભવતઃ ૨૯મીએ ભારે વરસાદની શક્યતાઓ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી પ્રાપ્ય આંકડા અનુસાર રાજ્યમાં દેવભૂમિદ્વારકાના કલ્યાણપુરમાં બે ઈંચ, ખંભાળિયામાં દોઢ ઈંચ, મહેસાણાના ખેરાલુ અને કચ્છના ગાંધીધામમાં એક ઈંચ, પોરબંદરના રાણાવાવ અને અમદાવાદના સાણંદમાં ૧૯ મિમિ, કચ્છના માંડવી અને આણંદના બોરસદમાં ૧૮ મિમિ, પાટણના સિધ્ધપુર અને મહેસાણાના જોટાણામાં ૧૬ મિમિ, પોરબંદરમાં ૧૫ મિમિ, આણંદના તારાપુર, દ્વારકા અને અમદાવાદમાં ૧૪ મિમિ, ગાંધીનગરમાં ૧૩ મિમિ, સાબરકાંઠાના તલોદમાં ૧૨ મિમિ, દેવભૂમિદ્વારકાના ભાણવડમાં ૧૨ મિમિ, કચ્છના અબડાસા અને બનાસકાંઠાના દાંતામાં ૧૧ મિમિ, કચ્છના નખત્રાણા, બનાસકાંઠાના દાંતીવાડ, મહેસાણાના કડી, જામનગરના જામજોધપુર અને અમરેલીના જાફરાબાદમાં ૧૦-૧૦ મિમિ વરસાદ નોંધાયો છે.

## બનશે યુપી જેવો ગુંડા કંટ્રોલ એક્ટ

# રૂપાણી સરકાર પાસા એક્ટમાં સુધારો કરશે: વિધાનસભાના ચોમાસુ સત્રમાં કાયદામાં કરાશે સુધારો

**ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે જાતીય સતામણી, સાયબર ફ્રોડ અને જુગારને પાસા એક્ટ હેઠળ લાવવામાં આવશે.**



ગાંધીનગર,તા.૨૭

એક નોંધપાત્ર ડેવલપમેન્ટ મુજબ રાજ્ય સરકાર ગુજરાત પ્રીવેન્શન ઑફ એન્ટી-સોશિયલ એક્વિટિઝ(પાસા) એક્ટ, ૧૯૮૫ હેઠળ જાતીય અપરાધ, સાયબર ગુનાઓ, મની લૉન્ડ્રિંગ શાર્ક અને જુગારધામોના આયોજકોને સકંજામાં લેવા માટે સુધારો કરવા માટે તૈયાર છે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં વટહુકમ અથવા કાયદા દ્વારા પાસા એક્ટમાં સુધારો કરવામાં આવશે. કેબિનેટે સંબંધિત અધિકારીઓને આ કાયદામાં સુધારો કરવા માટે બિલ/વટહુકમ માટે ડ્રાફ્ટ તૈયાર કરવા જણાવ્યુ છે.

આ સુધારામાં ગુનાઓની નવી કેટેગરીનો પણ સમાવેશ કરવામાં આવશે. ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે જાતીય સતામણી, સાયબર ફ્રોડ અને જુગારને પાસા એક્ટ હેઠળ લાવવામાં આવશે. સુત્રોના જણાવ્યા મુજબ આ સુધારા વટહુકમ સ્વરૂપે હશે. સૂત્રોના જણાવ્યા મુજબ સૌથી મહત્વનો ફેરફાર એ આરોપી વિરુદ્ધ પાસા ચલાવવા વહીવટી વિભાગમાંથી પોલિસ વિભાગમાં અધિકારીની બદલીનો છે. આ ડેવલપમેન્ટના એક અધિકારીએ જણાવ્યુ કે,

હાલમાં જયાં પોલિસ કમિશ્નર ન હોય તેવા જિલ્લાઓમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા હેઠળ ધરપકડનો આદેશ આપવામાં આવે છે.' હવે આઈજી લેવલના અધિકારીને પાસા હેઠળ એક્શન લેવાના અધિકાર મળશે. ઉલ્લેખનીય છે કે આરોપી ગુનેગારોને જેલના સળિયા પાછળ રાખવા માટે પોલિસ અધિકારીઓ દ્વારા અટકાયતના પગલા તરીકે પાસા એક્ટનો ઉપયોગ કરવામાં આવે છે. હાલમાં પ્રતિબંધ કાયદાઓમાં તેનો મહત્તમ ઉપયોગ થાય છે.

# મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં સરકારે સર્જેલી આપતિનો લાભ ખેડૂતોને મળશે કેમ ?

ખેડૂતોના હિતરક્ષણ માટે તાજેતરમાં ગુજરાત સરકારે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અમલી બનાવેલ છે. આ યોજના અંતર્ગત અનાવૃષ્ટિ ( દુકાળ) ,અતિ વરસાદ અને કમોસમી વરસાદ (માવઠું ) એમ ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે અને નુકસાનીનું જોખમ ઊભું થાય તો સરકાર સહાય પેઠે અમુક રકમ નિયત કરેલી છે જેમાં ૩૦ થી ૬૦ ટકા સુધી અથવા ૬૦ ટકાથી વધારે નુકસાન થાય તો એક હેક્ટરે ૨૦ થી ૨૫ હજાર રૂપિયા નું વળતર ખેડૂતોને આપવા પરિપત્ર જાહેર કરેલો છે

આ યોજના બાબતે માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને ખેડૂતોના ખરા હિતેચ્છુ એવા અરવિંદભાઈ લાડાણી એ ગુજરાત ના મુખ્યમંત્રી ને આવેદનપત્ર પાઠવી પ્રશ્ર્ન ઊભો કરતા જણાવેલ છે કે આપની આ યોજના તો × ભાગ્ય મળવા માટે બોલાવેલ અને પગ ભાંગી જાય તેવી છે × કારણ કે કુદરતી આપતિ સમયે થયેલ નુકસાનની વાત આ યોજના માં છે પરતું સરકારી આપતિ આવે તો ખેડૂતો ને કાંઈ મળવાની વાત નથી . લાડાણી એ વધુમાં જણાવેલ છે કે તા, ૨૨/૨૩/૨૪ ઓગસ્ટ ના રોજ ગુજરાત માં પડેલા વરસાદ થી જે મોટા ડેમોમાંથી પાણી છોડવામાં આવ્યું અને ખેડૂતોના ખેતરો સાથે પાક ધોવાઈ ગયો છે જે ૧૦૦ ટકા જેવી નુકસાની ગણાય છે. આ સરકારી આપતિ કહેવાય તો આવા ખેડૂતોને લાભ મળશે કે કેમ?

આ યોજના માં ડેમોમાંથી પાણી છોડી માનવસર્જિત આપતિ સમયે ખેડૂતોને સહાય મળે તેવી વાત નથી માટે સરકારે આ અંગે ચોખવટ કરવી ખેડૂતો ના હિતમાં ગણાશે સૌરાષ્ટ્ર ના ઘેડ વિસ્તાર તેમજ માણાવદર, વંથલી તથા કુતિયાણા તાલુકાના ગામડાંઓમાં વરસાદ તથા સરકારી આપતિ ને કારણે ખેડૂતોનો પાક સાફ થઈ ગયેલ છે તો શું આપની આ યોજના નો લાભ આવા ખેડૂતોને મળશે કે નહી મળે તે અંગે સ્પષ્ટતા કરવા અરવિંદભાઈ લાડાણી એ મુખ્યમંત્રી તેમજ કૃષિમંત્રી વગેરે ને પત્ર પાઠવ્યો છે

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

## નસીબ આને કહેવાય.....

# માલપુર નજીક કાર ચાર પલટી ખાઈ રોડ થી છેક દૂર ખેતરમાં ખાબકી કાર ચાલકનો આબાદ બચાવ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુ જામી રહી છે વરસતો વરસાદ અને રોડ પર પડેલા ખાડાઓને પગલે અકસ્માતની ઘટનાઓ માં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે બુધવારે સવારે મોડાસા-માલપુર રોડ પર માલપુર નજીક આવેલી સુરભી હોટલ સામે સુરત તરફ જઈ રહેલ કારના ચાલકે ટ્રકની ઓવરટેક કરવાની લાહ્યમાં કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર રોડ પરથી પલટી ખાઈ ઉંધામાથે પછડાઈ ત્રણ થી ચાર પલટી મારી રોડ થી દૂર આવેલા ખેતરમાં ખાબકી હતી ફિલ્મી દ્રશ્યોની જેમ કાર રોડ પરથી ધડાકાભેર પલટીઓ ખાતી જોઈ આજુબાજુ થી લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કારચાલકને કારની બહાર કાઢ્યો હતો કાર ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી સદનસીબે જાનહાની ટળતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો . મોડાસા-શામળાજી રોડ પર આવેલ ગાજણ ટોલપ્લાઝા નજીક ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટોલ પ્લાઝા નજીક ધીરે ચલેના દિશાસૂચક દર્શાવાતા ભારે ભરખમ બોર્ડ સાથે ટ્રક ભટકાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો લોંખડના બોર્ડ સાથે ટ્રક ધડાકાભેર અથડાતા ટ્રકના કેબીનના ભાગનો કડૂચાલો વળી જતા ટ્રક ડ્રાઈવર સહીત ત્રણ લોકો ગંભીર ઈજાગ્રસ્ત થવાની સાથે કેબિનમાં ફસાઈ જતા ઈજાથી કણસી રહ્યા હતા અકસ્માતની ઘટનાની ગંભીરતાના પગલે પોલીસ,આરટીઓ, ટોલપ્લાઝાના કર્મચારીઓ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી તાબડતોડ ક્રેનની મદદથી ટ્રક ચાલક સહીત ત્રણ ઈજાગ્રસ્ત લોકોને ભારે જહેમત બાદ બહાર કાઢી સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિક પોલીસે પુર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# બાળવાર્તા નં ૩ : સાધુ




બાળકો તમારે મન સાધુ એટલે દાઢી રાખે,માથે જટા હોય ,હાથમાં કમંડળ ને ભગવા કે સફેદ વસ્ત્ર પહેર્યા હોય.બરાબરને ઘણીવાર મમ્મી ડરાવે ખાઈલે,સૂઈજા નહિતો બાવો આવશે ને ડરના માર્યા તમે ખાઈ પણલો ને આંખો જોરથી બીડી સૂઈ પણ જાવ અથવા ઢોંગ પણ કરો.સાચી વાતને?

ચલો આજ હુ એવા એક સાધુની વાત કરૂ છુ તમને કે ન તો એનો ડર લાગે કે ન તમને એ ડરાવે.મદ્રાસના એક શહેરમાં સુબ્રમણ્યમ નામે એક વૈજ્ઞાનિક હતા. તેઓની એટલી સરસ લાખોના પગારવાળી નોકરી હતી. ખાધે પીધે સુખી. સરસ રીતે જીવે. ગાડી મોટરના માલિક.ખૂબ કમાતાને લક્ઝરી જીવન જીવતા.પત્ની ને બાળકો પણ ઐશ્વર્ય માણતા.

એકવાર તેઓ ને લાગ્યું બધુ છે પણ શાંતિ નથી.ક્યાં લેવા જાઉ ?એમના મનમાં ઉથલપાથલ મચી ગઈ.તેઓ તો બહાર નીકળ્યા ને શહેર છોડી પગે ચાલતા

આગળ વધ્યા .થોડુ ઘાડું જંગલ આવ્યું એટલે ડર સાથે થયો.અંધારૂ થયું એટલે અંધકાર સાથે થયો . ચિત્રવિચિત્ર અવાજનો ભાસ સાથે થયો.હવે કરવું તો શું કરવું ? ત્યાં દૂર એક મશાલનો પ્રકાશ જોવા મળ્યો.

નજીક પહોંચ્યા તો લાગ્યું કે કોઈ સાધુસંતની ઝૂંપડી છે.

તેઓ ગભરાયા હાથ મસળવા લાગ્યા,મસળતા મસળતા આંગળીમાં પહેરેલી વીંટી પડી ગઈ.ખૂબ કિંમતી વીંટી હતી.તેમના ધ્યાનમાં ન આવ્યું . અંદર ગયા તો સાધુ મહારાજ ધ્યાનસ્થ બેઠા હતા.થોડીવાર ઊભા રહ્યાં પણ સાધુએ ન તો આંખ ખોલી ન તેમના આવ્યાની નોંધ લીધી. તેમણે ખોખાંરો ખાધો,સાધુમહારાજે આંખ ખોલી તેમની તરફ જોયું .સાધુએ બેસવાનું કહ્યું ને પછી પરિચય મેળવ્યો.

આવવાનુ કારણ પૂછ્યું ,તો તેમણે શાંતિની તલાશ ની વાત કરી. સાધુ હસ્યા.સુબ્રમણ્યમ ને થયું કે મારી મશ્કરી કરે છે કે શું?

સાધુ એ કહ્યું ,''તારી પાસે કિમતીમાં કિંમતી ચીજ હોય તે મને આપી દે.''

સુબ્રમણ્યમ નો હાથ તેની વીંટી પર ગયો, વીંટી ન મળી તેથી તે એકદમ ચિંતામાં આવી ગયા.સાધુએ ચિંતાનું કારણ પૂછ્યું .તો વીંટીની વાત કરી.

સાધુએ કહ્યું ,''બહાર જ પડી હશે શોધીકાઢ''

“અંધકારમાં? કેવી રીતે?''તેણે પ્રશ્ન કર્યો.

સાધુએ કહ્યું ,''મનની આંખો થી. “તે બહાર નીકળ્યો ખૂબ તપાસને અંતે પણ વીંટી ન મળી.

સાધુ બહાર નીકળ્યા તેમણે નજરને તીક્ષ્ણ કરી લક્ષ સાંધ્યું દૂર ચળકાટ નજરે પડ્યો તેઓ લઈ આવ્યા

સાધુએ વીંટી આપી કહ્યું કે ,''જે માટે તુ આવ્યો હતો તેનો મે રસ્તો બતાવ્યો હવે તું જા.''

“પણ શાંતિ?''તેણે પૂછ્યું.

“અરે !તારી પાસે કિંમતી ચીજ કંઈ છે? તારૂ ભણતર તું એનો સાચો ઉપયોગ કર શાંતિ દોડતી આવશે.'' સાધુએ કહ્યું.

“કેવી રીતે?''તે પ્રશ્ન પૂછી બેઠો.

“અરે !તારા ભણતર ને જ્ઞાનને પૈસા કમાવા નહિ પણ જરૂરિયાતમંદને આપ.જેમ તારી વીંટી મારા લક્ષમાં આવી ગઈ છતા મોહ ન રાખી મે તને પાછી આપી.તેમ વિદ્યા નો ઉપયોગ કર સંગ્રહ ન કર. લૂંટાવ ગરીબ ને જરૂરતમંદને આપ.જો પછી શાંતિ મળે છે કે નહિ.મે જો તારી કિમતી વીંટી લઈ લીધી હોતતો ?અશાંતિ મને ઉંઘવાજ ન દેત પણ મે મોહનો સંગ્રહ ન કર્યો તો મારી પાસે આત્મ સંતોષની શાંતિ છે.તેમ તું પણ જ્ઞાનનો ઉપયોગ કરને કિંમત ન આંક તો જ્ઞાન દાન કર્યાનો આત્મ સંતોષ મળશે.'' સાધુએ જવાબ વાળ્યો.

સુબ્રમણ્યમની સમજમાં આવી ગયું .તેણે હવે દિવસના બે કલાક ગરીબ વિદ્યાર્થીઓને આપવા માંડ્યા. આમ સાધુના બતાવેલા માર્ગે તેને શાંતિ પ્રાપ્ત થઈ.

બાળકો જીવનમાં બધુ જ હોય પણ મનની શાંતિ જેમાં મળે એ કાર્ય પહેલા કરો.ધન દૌલત કમાઈ લેશો પણ જ્ઞાન આપી દાન કરશો તો શાંતિ જરૂર શાંતિ પામશો.

જયશ્રી પટેલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ

NG/0015

મેહુલ ત્રિવેદી

શીર્ષક-ગાંધી સત્ય તણો અવતાર

ગદ્ય વિભાગ

1)NG/0011

મનોજ પંચાલ

શીર્ષક--છત્રપતિ શિવાજી

2)NG/ 0043

મૈત્રી ઉપાધ્યાય

શીર્ષક -નરસિમ્હા રેડ્ડી

3)NG/0039

પ્રસન્ના પ્રફુલ્લા

શીર્ષક -નેતાજી સુભાષચંદ્ર બોઝ

4)NG/0033

કૃણાલ ટેલર

શીર્ષક-શહીદ ભગતસિંહ

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન

એડમિન પેનલ

---------------------------------

NO.0015

ઐતિહાસિક પાત્ર પરથી રચના

વિભાગઃ પદ્ય ( ગીત)

શીર્ષકઃ ગાંધી સત્ય તણો અવતાર

જનમ્યો પોરબંદર કેરા ધામ,
ગાંધી સત્ય તણો અવતાર.
એને કર્યો તો દેશ આઝાદ,
ગાંધી સત્ય તણો અવતાર.
હાથમાં લીધુ અહિંસાનુ હથિયાર,
ડોલી ઉઠી ગોરાની સરકાર,
અન્યાય સામે એ લડનાર,
ગાંધી સત્ય તણો અવતાર.
આઝાદી માટે ખૂબ લડ્યો,
લઇ ને સ્વરાજ પાછો ફર્યો,
કર્યો ભારતનો જયજયકાર,
ગાંધી સત્ય તણો અવતાર.
રાષ્ટ્રના પિતા થઇ પૂજાણો,
બાપુ નામે એ ઓળખાણો,
સત્યને ઇશ્વર એ કહેનાર,
ગાંધી સત્ય તણો અવતાર.

મેહુલ ત્રિવેદી.ખેરાળી

---------------------------------

N G no. 39

ટાસ્ક --કોઈ પણ ઐતિહાસિક પાત્ર વિશે લખો

પાત્ર -- નેતાજી સુભાષચંદ્ર બોઝ

શબ્દો - ૩૦૦

સુભાષચંદ્ર બોઝ

ત્રેવીસ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ કટક શહેરમાં પિતા જાનકીનાથ બોઝ અને માતા પ્રભાદેવીના ઘેર એમનો જન્મ થયો હતો.ચૌદ સંતાનમાંથી એ નવમાં નંબરે હતા.

ભારતીય સ્વાતંત્રસેનાના તેઓ અગ્રણી નેતા હતાં.તેઓ એક સારા રાજકારણી, ક્રાંતિકારી અને લેખક હતાં. ગાંધીજીએ એમને નેતાઓના નેતા નું બિરુદ આપ્યું હતું એટલે તેઓ નેતાજી સુભાષચંદ્ર બોઝ કહેવાયા. તેઓ કુલ આશરે બાર મહિના કારાવાસમાં રહ્યાં. તેમના સાથી ગોપીનાથને ૧૯૨૫માં અંગ્રેજ સરકારે ફાંસી આપી હતી એમનો અગ્નિસંસ્કાર સુભાષચંદ્રએ કર્યો એટલે એમને અનિશ્ચિત સમય માટે મ્યાનમારની જેલમાં પૂર્યા.જ્યાં એમને ટી.બી.થયો એટલે છોડવા પડ્યાં.ડેલહાઉસી ઈલાજ કરાવ્યા પછી ૧૯૩૦માં કલકત્તાના મેયર બન્યાં.૧૯૩૨માં ફરી કારાવાસ આપ્યો પણ અલમોડા જેલમાં તબિયત બગડી એટલે યુરોપ ઈલાજ માટે મોકલ્યાં. મૃત્યુશૈયા પર રહેલા પિતાને મળવા કલકત્તા પાછા આવ્યા ત્યારે એમના પિતા મૃત્યુ પામ્યાં હતાં.ફરી એમની ધરપકડ કરવામાં આવી અને યુરોપ મોકલ્યા.

સુભાષબાબુએ યુરોપમાં બીમાર વિઠ્ઠલ ભાઈ પટેલની ખૂબ સેવા કરી એટલે એમણે પોતાના વસિયતમાં બધી મિલકત સુભાષચંદ્રને આપી પણ સરદાર વલ્લભભાઈ પટેલ કોર્ટ દ્વારા એ પાછી મેળવી અને ગાંધીજીના હરિજન ફંડમાં આપી.

ત્રીજી મેં ૧૯૩૯ના દિવસે કોંગ્રેસ અંતર્ગત ફોરવર્ડ બ્લોક નામની પોતાની પાર્ટીની રચના કરી એટલે ફરી એમની ધરપકડ થઈ.ત્યાં આમરણાંત ઉપવાસ ઉપર ઉતરી ગયા. એટલે એમને કારવાસમાંથી છોડીને નજરકેદ રાખ્યાં. સોળ જાન્યુઆરી ૧૯૪૧ના રોજ એ નજરકેદમાંથી ભાગીને પેશાવરથી કાબુલ તરફ પગપાળા ગયાં. ત્યાં ઉત્તમચંદ વેપારીને ત્યાં રહ્યાં ત્યાંથી રેલવે દ્વારા મોસ્કો જઈ જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા.ઓગણત્રીસ માર્ચ ૧૯૪૨ના રોજ હિટલરને મળ્યાં. હિટલરે ભારત વિરુદ્ધ લખવા માટે માફી માંગી.આઠ માર્ચ ૧૯૪૩ના રોજ પૂર્વ એશિયાના પાબાંદ બંદર પહોંચ્યા.એકવીસ ઓક્ટોબર ૧૯૩૦ના રોજ જાપાનની સહાયથી અંગ્રેજો વિરુદ્ધ લડવા માટે આઝાદ હિન્દ ફોજની રચના કરી. બીજા વિશ્વયુદ્ધ વખતે ચલો દિલ્હી નો નારો લગાવ્યો અને આંદામાન નિકોબારને અંગ્રેજો પાસેથી જીતી લીધાં. છ જુલાઈ ૧૯૪૪ના રોજ રેડિયો માદયમ દ્વારા ગાંધીજીને રાષ્ટ્રપિતા નું બિરુદ આપીને આશીર્વાદ માંગ્યા.અઢાર ઓગષ્ટ ૧૯૪૫ના રોજ હવાઈ જહાજથી માંચુરિયા તરફ જતાં રસ્તામાં લાપતા થઈ ગયાં.ત્રેવીસ ઓગષ્ટ ૧૯૪૫ના રોજ જાપાનની સંસ્થાએ એમને હવાઈ જહાજ દુર્ઘટનામાં મૃત જાહેર કર્યા.

પ્રફુલ્લા"પ્રસન્ના"અમદાવાદ

---------------------------------

ન્યૂઝ ઓફ ગાંધીનગર

NG NO:0043

વિભાગઃ? ગદ્ય (લેખ)

શીર્ષકઃ ભારતના ઐતિહાસિક પાત્રો

"ભારત ઈતિહાસનો ખજાનો
ઇતિહાસ વીર સપૂતોનો ખજાનો".

ભારતનો ઇતિહાસ વિવિધતાથી ભરેલો છે.ઐતિહાસિક પાત્રોમાં કેટકેટલાય પાત્રો છે જેને આપણે ઓળખીએ છીએ. અમુક પાત્રો એવા પણ છે જેનો ઉલ્લેખ ખૂબ જ ઓછા પ્રમાણમાં થયો છે.

આજે વાત કરીએ એવા જ એક પાત્રની જેનું નામ છે " "નરસિમ્હા રેડ્ડી".

નરસિમ્હા રેડ્ડી એટલે મહાત્મા ગાંધી,મંગલ પાંડે આ પાત્રો પહેલાંનુ પાત્ર. ઉયલવાડા નરસિમ્હા રેડ્ડીનો જન્મ ૨૪ નવેમ્બર,૧૮૦૬ના રોજ રૂપાનાગુડી ગામમાં કુર્નૂલ જિલ્લામાં થયો હતો. તેમના પિતા પાલેગાડુ માલા રેડ્ડી અને માતા સીતમ્મા હતાં.નરસિમ્હા રેડ્ડી ખૂબ જ શક્તિશાળી અને બહાદુર વ્યક્તિ હતા. આ પાત્ર એટલે "અંગ્રેજો માટે મોતના દરવાજા સમાન પાત્ર". અંગ્રેજોએ કુર્નૂલમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સ્થાપી અને નિર્દોષ પ્રજા ઉપર ખૂબ જ ભયંકર અત્યાચારો કર્યા હતા.નરસિમ્હા રેડ્ડીએ આ અંગ્રેજો વિરુદ્ધ લડત શરૂ કરી હતી. તેમણે દરેક ખેડૂતો,મજૂરોને એમનું વેતન અપાવ્યું હતું.સાથે પોતે એટલા જ દાનવીર.અંગ્રેજોના અત્યાચારને કારણે અમુક ગામમાં અનાજનો દાણો પણ વધ્યો ન હતો.ત્યારે નરસિમ્હા રેડ્ડીએ પોતાના રાજકોષમાં રહેલું બધું જ અનાજ પ્રજાને દાન આપ્યું હતું.

અંગ્રેજો તો નરસિમ્હા રેડ્ડીના નામ માત્રથી ધ્રૂજી ઉઠતા હતા. અંગ્રેજોની કપટ નરસિમ્હા રેડ્ડી પાસે જરા પણ ન ચાલી શકી. પરસ્ત્રી પર નજર બગાડનાર અંગ્રેજોનું તો શીશ કાપીને અંગ્રેજોના ગવર્નરને ભેટ મોકલાવતા હતા. અંગ્રેજોએ ખોટી રીતે જપ્ત કરેલું બધું જ ધન પાછું અપાવનાર જો કોઈ હોય તો તે હતા નરસિમ્હા રેડ્ડી.

ઈ.સ. ૧૮૪૬ માં નરસિમ્હા રેડ્ડીએ અંગ્રેજો વિરુદ્ધ ચળવળ શરૂ કરી હતી. જે એક વર્ષ સુધી ચાલી હતી. પોતાની બહાદુરીથી છેલ્લા શ્વાસ સુધી નીડરતાથી લડનાર આ નરસિમ્હા રેડ્ડીએ ભારતને એક અભૂતપૂર્વ ઐતિહાસિક આપ્યો. છેલ્લે પોતાના જ સાથીદારોની દગાખોરીથી તેમને અંગ્રેજોએ પકડી લીધા અને ફાંસી આપી.

અંગ્રેજોએ તેમને ફાંસી આપી તેમનું મસ્તક ધડથી અલગ કરી દીધું.તેમ છતાં આ શૂરવીરે અંત સુધી લડીને અંગ્રેજોને મોતને ઘાટ ઉતારી દીધા.

૨૨ ફેબ્રુઆરી,૧૮૪૭ ના દિવસે આ મહાન વીર પોતાની રાષ્ટ્ર ભૂમિમાં સમર્પિત થઈ ગયા.

આવા શૂરવીરને કોણ ભૂલી શકે? જેની પ્રેરણા લઈને ઝાંસીની રાણીલક્ષ્મીબાઈ અને બીજા કેટલાક યોદ્ધાઓએ ભારત માટે પોતાનું બલિદાન આપ્યું.

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

---------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર

NG 0033

વિષય : ઐતિહાસિક પાત્ર

પાત્ર : શહીદ ભગતસિંહ

ભગતસિંહનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૭ નાં દિવસે લ્યાલપૂર, પંજાબમાં થયો હતો. વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા. ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું. ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું હતું. ત્યારબાદ તેઓ લાહોરની ડી.એ.વી હાઈસ્કૂલમાં ભણ્યા હતા. ભગતસિંહ જ્યારે લગભગ ૧૨ વર્ષના હતા ત્યારે જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો હતો. એ પછી એમનામાં ક્રાંતિકારી બનવાનો ઉદય થયો.

ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઈ ગયા હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા અને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા હતા. ઇ.સ. ૧૯૨૫ માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતી ચરણ વોહરા, ચંદ્રશેખર આઝાદ, યતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો. તેઓ યતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને ૧૯૨૬ માં દશેરાના દિવસે એક બોમ્બ ફેંક્યો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના વિરુદ્ધ કોઈ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.

૧૯૨૮માં સાયમન કમિશનના બહિષ્કાર માટે ભયાનક પ્રદર્શન થયા હતા. અને આની અંદર ભાગ લેનાર પર અંગ્રેજ સરકારે લાઠીચાર્જની અંદર લાલા લજપતરાય ઘાયલ થયા હતા, થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી ભગતસિંહ બહુ ક્રોધિત થયા અને તેમના સાથીઓ સાથે મળી અંગ્રેજ અધિકારી મી.સ્ટોકને મારવાનું કાવતરું ઘડ્યું હતું. ૧૭ ડિસેમ્બર ૧૯૨૮ ના રોજ લગભગ સવા ચાર વાગ્યે એ.એસ.પી. સાંડર્સના આવતાં જ રાજગુરુએ તેને ગોળી મારી દીધી હતી. એ પછી ભગતસિંહે ૧૯૨૯માં ૮ એપ્રિલે ધારાસભામાં બૉંબ ફેંક્યો હતો. પકડાયા પછી કેસ ચાલ્યો હતો.

૧૯૩૦માં સાતમી ઓક્ટોબરે ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને ફાંસીની સજા ફરમાવાઈ હતી. ૧૯૩૧માં નક્કી થયા મુજબ ૨૪મી માર્ચે ફાંસી આપવાની જાહેરાત થયેલી. સમગ્ર દેશમાં એની ચર્ચા અને વિરોધ વ્યાપક બનેલાં. સરકારે વિરોધના ડરથી એક દિવસ પહેલા, ૨૩મી માર્ચે, સાંજે ત્રણેયને અચાનક ફાંસીએ લટકાવી દીધા હતા.એ પહેલા એમણે ઇન્કલાબ ઝિંદાબાદની વીર ગર્જનાઓ કરી હતી. ફાંસી પછી, ચૂપચાપ, ઉતાવળે, સતલજ નદીના કિનારે, હુસૈનીવાલા ફિરોજપુરમાં અંતિમ સંસ્કાર કરી દીધેલા.

જય હિન્દ

ટેલર કૃણાલ શાંતિલાલઈંસુરત

---------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર

NG: 0011

પ્રકારઃ ગદ્ય

વિષયઃ ભારતનાં ઐતિહાસિક પાત્રો

શીર્ષકઃ છત્રપતિ શિવાજી

છત્રપતિ શિવાજી રાજે ભોંસલે પશ્ચિમ ભારતમાં મરાઠા સામ્રાજ્યનાં સ્થાપક અને વીર પુરુષ ગણાય છે.

શિવાજીનાં જન્મ સમય માટે ઘણાં વાદવિવાદ છે. ૧૯ ફેબ્રુઆરી કે ૬ એપ્રિલ કે ૧૦ એપ્રિલ તેમનો જન્મદિવસ મનાય છે. પુણેથી ૬૦ કિ.મી. અને મુંબઇથી ૧૦૦ કિ.મી. દુર શિવનેરી કિલ્લામાં તેમનો જન્મ થયો હતો. શિવાઇ માતાજીની જીજાબાઇએ પુત્ર માટે માનતા રાખેલ હોવાથી તેમના પુત્રનું નામ 'શિવા' રાખ્યું હતુ.

શિવાજીનાં જન્મ સમયે ઘણાં મરાઠા સુબેદાર સલ્તનતનાં તાબામાં કામ કરતાં હતાં. આદિલશાહે તેમને પુણે પાસે નાની જાગીર આપી હતી.

શિવાજીનાં પૂર્વજો મરાઠા જાતિના ભોંસલે વંશનાં હતા . લખુજી જાધવની પુત્રી જીજાબાઇ સાથે શહાજીનાં લગ્ન થયાં હતાં.

પિતા શહાજી અને માતા જીજાબાઇએ મંત્રીઓની નાની મંડળી શિવાજીને સંચાલનમાં મદદ કરવા રોકી હતી. દાદાજી કોંડાદેવ બધીજ તાલીમની દેખરેખ રાખતાં.

શિવાજીએ રોહીડેશ્વરના મંદિરમાં ૧૬૪૪માં સ્વરાજ્યની પ્રતિજ્ઞા લીધેલી. શહાજીએ પુનામાં લાલ મહેલ બંધાવી આપ્યો હતો. રાજચિહ્ન બનાવીને શિવાજીને આપવામાં આવ્યું હતુ; જેમાં સંસ્કૃતમાં લખ્યું હતુ કે ," શહાજીનાં પુત્ર શિવાજીનું રાજચિહ્ન છે. તે લોકકલ્યાણ માટે છે. તે બીજનાં ચંદ્રની માફક વધશે." આવી રીતે શિવાજીની કારકિર્દીની શરૂઆત થઇ. શહાજીનાં મૃત્યુ પછી શિવાજીએ રાજાનું બિરુદ વાપરવાનું શરૂ કર્યુ.

ઇનાયતખાન આદિલ શાહનો સુબેદાર હતો. શિવાજીએ રાયેશ્વર મંદિર પર તોરના કિલ્લામાં રહેલાં તોરનાદેવીને મુક્ત કરવાની પ્રતીજ્ઞા લીધી. શિવાજીએ બહુરુપી જોડે જઇને ઇનાયતખાનને મારીને તોરના કિલ્લામાં તોરનાદેવીના મંદિરમાં નવરાત્રિ મનાવી લોકોને ઇનાયત ખાનનાં અત્યાચારમાંથી મુક્ત કર્યા.

ઇ.સ. ૧૬૭૪ દરમિયાન ભારતમાં મુઘલ સામ્રાજય હતું. પર્વતીય પ્રદેશમાં ઉપયોગી તેવી ગેરિલા એટલે કે છાપામાર પદ્ધતિનો ખૂબ ચતુરાઇથી ઉપયોગ કરીને શિવાજીએ મુઘલ પાસેથી મરાઠા પ્રદેશ જીતી લીધો હતો.

શિવાજીની શાઈસ્ત ખાનની લડાઇમાં કોંકણનો કિલ્લો જીત્યો હતો, પણ શિવાજીના સેનાપતિ અને મિત્ર તાનાજીનું મુત્યુ થયું હતું. એમનાં મુત્યુનાં સમાચાર સાંભળતા શિવાજીએ કહ્યું હતું કે, "ગઢ આલા પણ સિંહ ગેલા" (ગઢ આવ્યો પણ સિંહ ગયો). ત્યારથી આ કિલ્લાનું નામ સિંહગઢ પડ્યું હતું.

જૂન ૬ ,૧૬૭૪ ના રોજ શિવાજીનો રાયગઢ કિલ્લામાં રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

૪ એપ્રિલ, ૧૬૮૦ નાં રોજ શિવાજીનું દેહાંત થયું.

'મન' શ્રમનોજકુમાર પંચાલ,,પાલનપુર

---------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (M-9824653073)

નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી

સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,

સંચાલક - જીજ્ઞા કપુરિયા

સંપર્ક : Email : prdpraval42@gmail.com

---------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ

CYMK

### હત્યામાં ૫ કરતા વધુ લોકોની સંડોવણી હોવાનો આક્ષેપ

# માલપુરના હેલોદર ગામે ડબલ મર્ડર મામલે મૃતકના પરિવારજનોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર તાલુકાના હેલોદર પાસે આવેલ ભોલા-ભાઠોડા ની સીમમાં બે પિતરાઈ ભાઈઓની લાશો મળી આવી હતી.જે સંદર્ભે પોલીસે ગણતરીના કલાકોમાં હત્યામાં સંડોવાયેલ ચાર શખ્શોની ધરપકડ કરી હતી. અને અન્ય એક શખ્શની ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યો હતો.જેને પકડી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો ડબલ મર્ડરની ઘટના આડા સંબંધના પગલે સર્જાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું ત્યારે મૃતક યુવકોના પરિવારજનોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ સાથે બંને યુવકોની હત્યામાં અન્ય શખ્શો પણ સંડોવાયેલ હોવાનો આક્ષેપ કરી યોગ્ય તપાસ થાય તો વધુ આરોપીઓના નામ બહાર આવી શકે છે નું જણાવ્યું હતું જેમાં વિક્રમ ભાઈ ઉજમાભાઈ અને મનુભાઈની રાજકીય હત્યા હોવાનું જણાવ્યું હતું જીલ્લા કલેક્ટર કચેરીએ મૃતક યુવકના પરિવારજનો અને સગા-સંબંધી મોટી સંખ્યામાં ઉમટી ન્યાયની માંગ કરી હતી આ ડબલ મર્ડર હત્યા કેસને રાજકીય રંગ અપાઈ રહ્યો હોવાનું માલપુર પંથકમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

બુધવારે મૃતક વિક્રમભાઈ ઉજમાભાઈ પગી તથા મનુભાઈ લેબાભાઈ પગીની પત્ની અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જીલ્લા સેવાસદન કચેરીએ ન્યાયની માંગ સાથે ઉમટ્યા હતા જેમાં જીલ્લા કલેક્ટરને મૃતક યુવકની પત્ની અને બહેને જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદન પત્ર આપી ડબલ મર્ડર કેશની તથસ્ટ તપાસ કરવામાં આવેની માંગ કરી હતી બને યુવકોની હત્યા ચૂંટણી અદાવતમાં, સિંચાઈના કામમાં થઇ રહેલા ભ્રષ્ટાચારને ઉજાગર કરતા અને બને યુવકોએ ટૂંક સમયમાં પ્રગતિ કરી હોવાથી અને તેમના પંથકમાં ક્ષત્રિય ઠાકોરસેના ઉભી કરી સંગઠન કરતા અને ભાજપના સનિષ્ઠ કાર્યકર હોવાથી કેટલાક શખ્શોની રાજકીય કારકિર્દી જોખમાતા અને હત્યા કરવામાં આવી હોવાનો તેમજ વિક્રમ ભાઈ ને ગામના એક યુવાન સાથે માટી કામ, પૂરણ કામમાં બબાલ થઇ હોવાનો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો અને હત્યાની ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો મૃતકની હત્યામાં અનેક લોકોની સંડોવણી બહાર આવી શકે છે તેવું ભાર પૂર્વક જણાવ્યું હતું



માલપુર તાલુકાના હેલોદર પાસે આવેલ ભોલા-ભાઠોડા ની સીમમાં બે પિતરાઈ ભાઈઓની લાશો મળી આવી હતી.જે સંદર્ભે પોલીસે ચાર શખ્શોની તાબડતોડ ધરપકડ કરી હતી.જયારે પાંચમો શખ્શ ભાગતો ફરતો હતો.જેને પકડી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.પ્રેમ પ્રકરણની અદાવતમાં તલવાર અને ચપ્પાના ઘા મારી બંને યુવકોની હત્યા કરાઈ હતી. માલપુરના હેલોદરના ભોલા ભાઠોડા ગામના તળાવ પાસેથી હત્યા કરીને ફેંકી દેવાયેલ વિક્રમભાઈ ઉજમાભાઈ પગી તથા મનુભાઈ લેબાભાઈ પગી ની લાશો મળી આવતાં જિલ્લા પોલીસની ટીમો દોડી આવી હતી.અને તપાસ હાથ ધરતા ૨૪ કલાકમાં ડબલ મર્ડરનો ભેદ ઉકેલી નાખ્યો હતો.અને આ હત્યાકાંડમાં સંડોવાયેલા બાબુભાઈ રામાભાઈ પગી,સોમાભાઈ રામાભાઈ પગી,રમણભાઈ પુનાભાઈ પગી અને કાળુભાઈ રમણભાઈ પગી ને ઝડપી લીધા હતા. અને અન્ય એક આરોપી વિજયભાઈ ઉર્ફે ભુરાભાઈ ઉદાભાઈ ખાંટ (રહે.દેવદાંતી, તા.માલપુર)ને પકડી પાડયો હતો પોલીસે આ કેસની ઝીણવટભરી તપાસ કરતાં ગામના જ બાબુભાઈ રામાભાઈ પગી ની પત્ની સાથે આડા સંબંધોની અદાવતમાં મૃતક વિક્રમ પગી ને મહાદેવના મંદિરે બોલાવ્યો હતો.આ બંને ભાઈઓને તલવાર અને ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી પુરાવાનો નાશ કરવા લાશો તળાવમાં ફેંકી દેવાઈ હતી.

### ભાદરવી મહામેળો બંધ છે ત્યારે ઓનલાઈન દર્શનની સુવિધા કરાઈ

# અંબાજી ભાદરવી પૂનમ-૨૦૨૦ મહોત્સવ પ્રસંગે કલેક્ટરશ્રીના હસ્તે મહાયજ્ઞનો પ્રારંભ થયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભાદરવી પૂનમ-૨૦૨૦ મહોત્સવ પ્રસંગે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષશ્રી સંદીપ સાગલેના હસ્તે ચાચર ચોકમાં યોજાયેલ સહસ્ર ચંડી મહાયજ્ઞનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. કલેક્ટરશ્રીએ યજ્ઞશાળામાં પૂજન વિધિ કરી માતાજીના આશીર્વાદ મેળવીને મંદિર ઉપર ધજા ચડાવીને સાત દિવસીય મહાયજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. મિડીયા સાથેની મુલાકાતમાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, વિશ્વ કલ્યાણ અર્થે માનવજાતના કલ્યાણ માટે તેમજ કોરોના સંકટ દુર થાય તે માટે આ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યુ કે, પ્રતિવર્ષ ભાદરવી મહામેળા પ્રસંગે પદયાત્રા દ્વારા અંબાજી આવતા ૧૪૦૦ જેટલા રજીસ્ટર્ડ થયેલા સંઘોને તેમની લાગણી અનુસાર પૂજા કરેલ માતાજીની ધજાઓ પહોંચાડવામાં આવી છે. કલેકટરશ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, આ વર્ષે માઈભક્તો ઘેરબેઠાં માતાજીના દર્શન કરી શકે તે માટે માતાજીની આરતી, દર્શન, ગબ્બર દર્શન વગેરેના લાઇવ- જીવંત પ્રસારણની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, અંબાજીના લોકો અને યાત્રિકોની સલામતિ માટે તા. ૨૪-૮-૨૦૨૦ થી તા. ૪-૯-૨૦૨૦ સુધી મંદિર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો પરંતું માઈભક્તોની લાગણી ધ્યાને હવે મંદિર તા. ૩ સપ્ટેવમ્બરથી જ દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાશે.

ઉલ્લેખનીય છે કે આ વરસે ભાદરવી પૂનમના મહામેળાનો સમયગાળો તા.૨૭-૮-૨૦૨૦ થી તા.૨-૯-૨૦૨૦ સુધીનો છે પરંતું કોરોનાની વૈશ્વિક મહામારીના લીધે મેળો બંધ હોવાથી આ સમયગાળા દરમ્યાન માઈભક્તો ઘેરબેઠાં જ માતાજીનાં દર્શન કરી શકે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા લાઇવ વેબકાસ્ટીંગની સરસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ સમયગાળા દરમ્યાન અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની વેબસાઇટ, ફેસબુક, યુ-ટ્યુબ વગેરે પર સવારે-૭.૩૦ વાગ્યાથી દર્શન કરી શકાશે. તા.૨-૯-૨૦૨૦ ના રોજ સાંજે-૪.૩૦ વાગે મહાયજ્ઞનની પૂર્ણાહુતિ અને મહાઆરતી કરાશે.

કલેકટરશ્રીએ માઈભક્તો વતી મંદિર પર ધજા ચડાવી

કલેકટરશ્રી સંદીપ સાગલેએ મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું કે પ્રતિવર્ષ ભાદરવી મહામેળા પ્રસંગે અંબાજી ખાતે લાખો યાત્રિકો આવતા હોય છે. ઘણા માઈભક્તો મંદિર પર ધજાઓ પણ ચડાવતા હોય છે ત્યારે આ વરસે સૌ માઈભક્તો વતી મંદિર પર ધજા ચડાવી છે. કલેકટરશ્રીએ જણાવ્યું કે, સૌની સુખાકારી અને કલ્યાણ માટે માતાજીને પ્રાર્થના કરી છે. મહાયજ્ઞ શુભારંભ પ્રસંગે ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડા, નાયબ ઈજનેરશ્રી ગિરીશભાઇ પટેલ, મંદિરના અધિકારીઓ, કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### આંતરરાજ્ય વાહન ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

# મેઘરજ પોલીસે ઉંડવા નજીકથી ચોરેલ ટ્રકનું પાયલોટિંગ કરતી સ્વીફ્ટ કારમાંથી ૧ ને દબોચ્યો ટ્રક કબ્જે કર્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

રાજસ્થાન-ગુજરાતમાં નાના-મોટા વાહનોની ચોરી કરતી આંતરરાજ્ય અનેક ગેંગ સક્રિય છે અરવલ્લી જીલ્લા નવનિયુક્ત એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસિયા માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા તત્પર બન્યું છે મેઘરજ પોલીસે ઉંડવા ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથધરતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સ્વીફ્ટ કારને અટકાવતા એક શખ્સ ઉતરીને રફુચક્કર થઇ ગયો હતો પોલીસે કારચાલકની આગવી ઢબે પૂછપરછ કરતા સ્વીફ્ટ કારમાં રાજસ્થાનમાંથી ચોરેલ ટ્રક્નું પાયલોટિંગ કરવામાં આવતું હોવાનું પર્દાફાશ થયો હતો સ્વીફ્ટ કારને પોલીસે અટકાવતા પાછળ આવી રહેલ ચોરેલ ટ્રક સાથે રહેલ ગેંગના સાગરીતો રોડ પર ટ્રક મૂકી ફરાર થઈ જતા મેઘરજ પોલીસે રાજસ્થાનમાંથી ચોરેલ ટ્રક કબ્જે લઈ આંતરાજ્ય વાહનચોરી કરતી ગેંગના એક સભ્યને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ત્રણ શખ્શોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા . મેઘરજ પીઆઈ જે.પી.ભરવાડ અને તેમની ટીમે ઉંડવા બોર્ડર પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં રાજસ્થાનમાંથી ચોરી કરી ગુજરાતમાં વેચાણ અર્થે આવતી આંતરરાજ્ય વાહન ચોરી કરતી ગેંગનો પર્દાફાશ થયો હતો રાજસ્થાનના ચિતોડગઢ જીલ્લાના ચંદેરીયા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ચોરી કરેલ ટ્રક સાથે આવી રહેલ પાયલોટિંગ કરતી સ્વીફ્ટ કારમાંથી ગેંગના રતનલાલ ભંવરલાલ ગુર્જર (રહે,બોજુંદા-ચિતોડગઢ)ને ઝડપી લેતા પાછળ ચોરી કરેલ ટ્રકને લઈને આવી રહેલા ભગવંત સીંગ અને અન્ય શખ્શને જાણ થતા ભગવતસિંહ ઉંડવા નજીક રોડ પર ચોરેલ ટ્રક મૂકી ફરાર થઈ જતા પોલીસે ચોરેલ ટ્રક કબ્જે લઈ રતનલાલ ભંવરલાલ ગુર્જરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો મેઘરજ પોલીસે સ્વીફ્ટ કાર,ટ્રક,મોબાઈલ, રોકડ રકમ મળી કુલ.રૂ.૧૫૦૫૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી સ્વીફ્ટ કારમાં રતનલાલ સાથે રહેલ ગેંગનો શખ્શ, રોડ ટ્રક પર મૂકી ફરાર થઈ જનાર ભગવત સીંગ અને અન્ય શખ્શને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# માણાવદર નગરપાલિકાના પ્રમુખ તરીકે પુષ્પાબેન ગોરે ચાર્જ સંભાળ્યો



માણાવદર નગરપાલિકામાં નવા વરાયેલા પ્રમુખ પુષ્પાબેન ગોરે એ ચાર્જ સંભાળી શહેર ને વિકાસનો અગ્ર દરજ્જો આપવા પ્રથમ પાયોરિટી મા પાણી, સફાઇ, લાઇટ, રસ્તા ના કામો હાથ ઉપર લીધા છે .પ્રમુખ અને સભ્યોની મળેલી બેઠકમાં શહેર માં કથળેલી પાણી સમસ્યા તથા સફાઈકામ ને સર્વ પ્રથમ હલ કરવા અધિકારીઓ સાથે ચર્ચા શરૂ કરી છે શહેરના વિસ્તાર ના બાકી રહેતા કાચા રસ્તાઓ સિમેન્ટ થી મઢવા અને સ્લમ વિસ્તારોમાં બંધ પડેલી સ્ટ્રીટ લાઇટો તથા નવી લાઇટો ના કામને આગળ વધારવા આદેશો કરવામાં આવ્યા છે. તસ્વીર - અહેવાલ જીજ્ઞેશ પટેલ માણાવદર

# ભાદર નદીના પાણીને કારણે વડા ગામના ખેતરો પાણીમાં જળબંબાકાર થયા

માણાવદર તાલુકાના વડા ગામે ભાદર નદીના પાણીને કારણે ખેતરો જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા ખેડૂતો ના ખેતરોમાં મોટાપાયે ધોવાણ સાથે ખેત પેદાશો નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે અત્યારે ખેડૂતો મુશ્કેલી મા મુકાયા છે વરસાદી પાણી લાંબો સમય સુધી ખેતરોમાં સતત પાણી ભરાયેલા રહેતા હોવાથી ખેતપેદાશો નિષ્ફળ થતા ખેડૂતો એ વાવેતર કરેલ ખેતપેદાશો નું ખાતર બિયારણ મજુરી સહીતની આર્થિક નુકશાની ખેડૂતો વેઠી રહ્યા છે છેલ્લા બે દિવસ થી મેધરાજાની અવિરત મેઘસવારીથી સાથે ઉપરવાસમાં ભારે વરસાદ ને કારણે ભાદર નદીના પાણીને કારણે ખેતરો જળબંબાકાર થયા હતા ખેડૂતોએ વાવેતર કરેલ ૩૦૦ વિઘાની મગફળી માં વરસાદી પાણી ભરાયેલા રહેતા મગફળી ના પાકને નુકસાન થવાની શકયતા સેવાઇ રહી છે ખેડૂતોના ખેતરોમાં થયેલ નૂકશાન વળતર આપવા વડા ગામના સરપંચ સંદિપભાઇ કાનાણી એ માંગ કરી છે. અહેવાલ-જીજ્ઞેશ પટેલ માણાવદર

# ભિલોડા પોલીસે સાંઈ સમ્રાટ હોટલ પાછળથી ૪૨ હજાર અને ડોડીસરા ગામે રહેણાંક મકાનમાંથી ૩૬ હજારનો વિદેશ દારૂનો જથ્થો જપ્ત કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ભિલોડા પંથકમાં દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર પોલીસ સતત ત્રાટકી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી બુટલેગરો સામે કડકાઈ પૂર્વક કામગીરી કરતાં બુટલેગરોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે ભિલોડા પોલીસે ધોલવણી ત્રણ રસ્તા પર આવેલી સાંઈ સામ્રાટ હોટલની પાછળ ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખેલ રૂ.૪૬ હજારથી વધુનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યા હતો ડોડીસરા ગામે રહેણાંક મકાનમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડા પર ત્રાટકી પતરાના પીપ પાછળ સંતાડી રાખેલ ૩૬ હજારનો વિદેશી દારૂ જપ્ત કરી પોલીસ રેડ જોઈ ફરાર બુટલેગરો સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી .ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂત અને તેમની ટીમે જીલ્લાના કુખ્યાત અને રીંટોડા ગામના રમેશ ગોબરભાઈ વણજારા નામના બુટલેગરની ધોલવાણી ત્રણ રસ્તા આવેલ સાંઈ સમ્રાટ હોટલ પાછળ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખેલ વિદેશી દારૂ-બિયર બોટલ નંગ-૨૨૫ કીં.રૂ.૪૨૩૦૬/-નો જથ્થો જપ્ત કરી બુટલેગર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ભિલોડા પંથકમાં આવેલી સાંઈ સમ્રાટ હોટલ પાછળ થી અનેકવાર વિદેશી દારૂ અને બીયરના ટીન મળી આવવાની ઘટનાઓ બની છે

ભિલોડા પોલીસે બાતમીના આધારે ડોડીસરા ગામે રહેણાંક મકાનમાં ચાલતા વિદેશી દારૂના વેપલાનો પર્દાફાશ કર્યો હતો ડોડીસરા ગામે બીપીન વીરજીભાઈ ડુંડના ઘરે પોલીસે રેડ કરતા બુટલેગર ફરાર થઈ ગયો હતો ભિલોડા પોલીસે રહેણાંક મકાનની બાજુમાં આવેલી ઓરડીમાં પતરાના પીપ પાછળ કોથળામાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ-ટીન નંગ-૨૧૯ કીં.રૂ.૩૬૮૨૫/- નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર બુટલેગર બિપીન ડુંડને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# વિજ્ઞાન યુગમાં પણ આદિવાસી સમાજ ખેતીના પાક ને બચાવવા આદિકાળથી ચાલતી પરંપરા મુજબ કરે છે.

સતિષ પટેલ વલસાડ



પ્રકૃતિ પૂજક હજુ પણ પરંપરગત ખેતી કરતો અહીનો ખેડૂત ખેતીમાં આધુનિકતાને અપનાવી છે પણ આદિકાળ થી ચાલી આવેલી રીત રિવાજ મુજબ પાકને નુકસાન ના થાય તે માટે જે તે સમયે પૂજા રીત રિવાજ મુજબ કરે છે. ખેતરમાં પાક લહેરાઇ રહ્યો હવે કંનસરી માતાની પુજા કરવામાં આવી કોઇ રોગના આવે સાવરા,કોડી અને કવિસાના ઝાડ ની ડાળ ખેતરમાં વચ્ચેના ભાગે બેસાડવામાં આવે છે. કવિસા ઝાડની ડાળીનું વધુ મહત્વ આંકવામાં આવે છે.જેને લોકલ બોલીમાં ×રવા×કહે છે. ખેતરમાં પાક હાલે ગર્ભ ધારણ કરી રહ્યો છે. અને તેનું રક્ષણ કરવા માટે તેમની પરંપરા મુજબની માન્યતા આધીન ×રવા×નાખી પાકના રક્ષણ માટે ની માન્યતા ધરાવે છે. આ દરમ્યાન તેઓ વિધિવત પૂજા કરીને ×રવો×નાખે છે. આ ×રવા× શ્રાવણી પૂનમના દિવસે નાખવામાં આવે છે. આ પ્રકૃતિ પરંપરા પાછળનું વૈજ્ઞાનિક કારણ પણ સંકળાયેલ માની શકાય છે.

વિજ્ઞાન યુગમાં પણ એક સંશોધનો કરવા માટે નો વિષય છે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સીમાન્ત, નાના, અર્ધ મધ્યમ, મધ્યમ અને મોટા ખેડૂતો દ્વારા ખેતીમાં અપનાવાતી ખેતી પદ્ધતિઓ પર અભ્યાસ કરવાની તક પૂરી પાડી અને તે દ્વારા આ સંશોધન નીમિત્ત બન્યુ છે જયાં ખેતી અને ખેડૂતોની હંમેશા ઉપેક્ષા થઇ છે. સંશોધનો પણ ઓછા થયા છે. જયારે આપણે કૃષિ પ્રધાન દેશ હોવાનું ગૌરવ લેતા હોઈએ ત્યારે કોઇ પ્રદેશની ખેતીની ઉપેક્ષા થાય તે ન ચાલે. જો કે હમણાં સુધી પરંપરગત ખેતીમાં આધુનિકતાને અપનાવતા તથા તેના સફળ પામતો થયો છે.અહીનો ખેડૂત ખેતીની નવીન તકો અને પડકારોને અવસરમાં ફેરવવા સમર્થ થતો જાય છે. તેમ કરીને તે પોતાના જીવનને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વધુ સમૃદ્ધ કરવા ઈચ્છે છે. એ તેનો અધિકાર છે અને તેને માટે સારી ખેતી તેનો આધાર છે.




**બરોડા ની પ્રખ્યાત પારુલ યુનિવર્સિટી ના ડોક્ટર જયેશ પટેલ ઉપર તેમની આ યુનિવર્સિટીની નર્સિંગની વિદ્યાર્થિનીએ ૨૨ વર્ષની ઉપર બળાત્કાર કરવાનો આરોપ હતો અને તેઓ જેલમાં હતા અંતે કિડનીની ગંભીર બિમારીથી પિડાતા તેઓ હોસ્પિટલમાં હતા અમે જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૬માં ૫૫૬૮ પાનાની ચાર્જશીટ તેમના વિરુદ્ધ દાખલ કરીને ગુનો નોંધવામાં આવ્યો હતો સરકારે અને ન્યાયતંત્રે ન્યાય આપે તે પહેલા કુદરતે તેનો ન્યાય આપી દીધો. હજુ આવા કેટલાય નલિયાકાંડ ના અને ખારેક કચ્છની પ્રખ્યાત કાંડના આરોપીઓ પ્રજાની વચ્ચે કુતરા બિલાડા ની માફક રાજકીય ઉચ્ચ હોદાઓ કપાળ ઉપર ચોંટાડીને ફરે છે જેને સરકાર કે ન્યાયતંત્ર ન્યાય આપશે ત્યારે આપશે પણ કુદરત તો ખૂબ જલ્દી ન્યાય આપે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ.**

### માલપુર પોલીસે બેટ પર ત્રાટકી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ નાશ કરી

# વાત્રક ડેમમાં બેટ પર દેશી દારૂ બનાવી બુટલેગરો દારુની હોડીઓમાં હેરાફેરી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ચાલતા દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર તવાઈ બોલાવી છે લોકડાઉનમાં વાત્રકડેમાં આવેલ બેટ પર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ પોલીસે તોડી પાડી,દેશી દારૂ ગાળવાનો ૧ હજાર લીટર વોશ નાશ કરવાની સાથે મુદ્દામાલ કબ્જે કરી શખ્સ કાર્યવાહી કરી હતી ત્યારે ૪ મહિના બાદ ફરીથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમી ઉઠી હોવાની અને બુટલેગરો હોડીઓ મારફતે દેશી દારૂની હેરાફેરી કરતા હોવાની જાણ પોલીસને થતા પોલીસે મોટર બેટની મારફતે ત્રાટકી દેશી દારૂની ભઠ્ઠીઓ નાશ કરી દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા ગીરીશ મંગાભાઇ નાયકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા



માલપુર નજીક વાત્રક ડેમની વચ્ચે મગોડી ગામની સીમમાં આવેલા બેટ પર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ફરીથી ધમધમી ઉઠી હોવાની બાતમી પીએસઆઈ એન.એમ.સોલંકીને મળતા પાણીથી છલોછલ ભરેલા ડેમ વચ્ચે બેટમાં જવા માટે મોટરબોટ નો સહારો લઈ રેડ કરતા મોટર બોટમાં આવતા પોલીસ કાફલાની દૂરથી રેડ હોવાની જાણ થતા બુટલેગર અને તેના સાગરીતો પાણીમાં ગરકાવ થઈ જતા બેટ પર જઈ ધમધમતી દારૂ ગાળવાની ભઠ્ઠીઓનો નાશ કરી રૂ.૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ચલાવતો અને દારૂની હોડીઓ મારફતે હેરાફેરી કરનાર ગીરીશ મંગાભાઇ નાયક (રહે,હરબાઈના પહાડીયા-માલપુર) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK